Monday
21.08.2023
✳Volume :8 ✳ Issue No.26
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor:Arjun Sondarva ✳Office:A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

અમારું વિઝન સ્પષ્ટ છે, અમારાં લક્ષ્યો મહત્વાકાંક્ષી છે, અને અમારો નિશ્ચય અવિરત છે: ડૉ.મનસુખ માંડવિયા

ભારતનું જન ઔષધિ કેન્દ્ર મોડલ લોકોને દવાઓની ગુણવત્તા, સુલભતા અને પરવડે તેવી ક્ષમતા પ્રદાન કરવાની દ્રષ્ટિએ વિશ્વમાં શ્રેષ્ઠ છેઃ ઇન્ડોનેશિયાના

"હેલ્થકેર એ માત્ર એક ક્ષેત્ર જ નથી, પરંતુ એક મિશન છે"

કમલમ્ ન્યુઝ,

"અમારું વિઝન સ્પષ્ટ છે, અમારાં લક્ષ્યો મહત્વાકાંક્ષી છે, અને અમારો નિશ્ચય અવિરત છે." એમ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગાંધીનગરમાં જી-૨૦ આરોગ્ય મંત્રીની બેઠક દરમિયાન ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રે ભારતીય ઉદ્યોગ જગતના અગ્રણીઓ અને જી-૨૦ મંત્રીઓ અને પ્રતિનિધિઓને કરેલાં મુખ્ય સંબોધનમાં જણાવ્યું હતું. ડૉ. માંડવિયાએ ફાર્માસ્યુટિકલ્સ અને મેડિકલ ઉપકરણોનાં ક્ષેત્રમાં ભારતની કુશળતાને ગર્વભેર સ્વીકારી હતી અને ફાર્માસ્યુટિકલ ઉત્કૃષ્ટતામાટે વૈશ્વિક કેન્દ્ર તરીકેની તેની ભૂમિકાપર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "ભારતને વૈશ્વિક ફાર્માસ્યુટિકલ લેન્ડસ્કેપમાં પાયાના પથ્થર તરીકે માન્યતા આપવામાં આવીછે." પરવડે તેવી, ઉચ્ચ-ગુણવત્તાની દવાઓ પૂરી પાડવાનાં દેશનાં સમર્પણ અને વૈશ્વિક સુલભતામાં તેનાં નોંધપાત્ર યોગદાન પર ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં ભારત વિશ્વની રસીની જરૂરિયાતોનો લગભગ ૬૦ ટકા હિસ્સો અને જેનરિક નિકાસનો ૨૦-૨૨ ટકા હિસ્સોપૂરો પાડે છે. ડૉ. માંડવિયાએ માનવતાની સુખાકારી માટે ભારતની, ખાસ કરીને કોવિડ-૧૯ મહામારી દરમિયાન પ્રદર્શિત અતૂટ કટિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. "મહામારી સામેની લડાઈમાં, ભારતે લગભગ ૧૮૫ દેશોને આવશ્યક દવાઓનો પુરવઠો પૂરો પાડ્યો હતો," એમ તેમણે ગર્વથી શેર કર્યું હતુંઅને વૈશ્વિક નેતાતરીકે ભારતની ભૂમિકાપર ભાર મૂક્યો હતો. મુખ્ય સંબોધનમાં આરોગ્યસંભાળનાં ભાવિ માટે ભારતના દ્રષ્ટિકોણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું, જે વોલ્યુમ-આધારિત અભિગમોમાંથી મૂલ્ય-આધારિત નેતૃત્વ મોડલ તરફની સંક્રાંતિની આસપાસ કેન્દ્રિત હતું. તેમણે ઉમેર્યું હતુંકે, "ગુણવત્તા, સુલભતા અને હેલ્થકેરમાં પરવડે તેવી ક્ષમતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અવિશ્વસનીય છે." પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ, ભારતની સરકાર આરોગ્યસંભાળ ક્ષેત્રમાં અર્થપૂર્ણ પરિવર્તન લાવવા માટે મક્કમ છે. હેલ્થકેર એડવાન્સમેન્ટમાં સંશોધન અને વિકાસનાં સર્વોચ્ચ મહત્વને સ્વીકારતા ડૉ.. માંડવિયાએ નવીન વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે ભારતની હરણફાળની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત ફાર્મા-મેડિકલ ઉપકરણોનાં ક્ષેત્રોમાં સંશોધન અને વિકાસ અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય નીતિ પ્રસ્તુત કરવાના અંતિમ તબક્કામાં છે. ડૉ. માંડવિયાની કાર્ય કરવાની હાકલ તેમનાં સમગ્ર સંબોધનમાં ગુંજી ઊઠી હતી, જેમાં દેશો, સરકારી સંસ્થાઓ, ઉદ્યોગજગતના અગ્રણીઓ, હેલ્થકેર પ્રોફેશનલ્સ અને સંશોધકોનેસંયુક્ત પ્રયાસરૂપે દળોમાં જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે જાહેરાત કરી હતી કે, "આપણી સામૂહિક તાકાત ફાર્માસ્યુટિકલ અને મેડિકલડિવાઈસીસનાં ક્ષેત્રોને અભૂતપૂર્વ ઊંચાઈએ લઈ જવાની ક્ષમતા ધરાવે છે." ડૉ. માંડવિયાએ ભારપૂર્વકજણાવ્યું હતુંકે, "હેલ્થકેર એ માત્ર એક ક્ષેત્ર નથી, પરંતુ એક મિશન છે, જે દરેક નાગરિકને ઉચ્ચ ગુણવત્તાયુક્ત હેલ્થકેર પ્રદાન કરવાની ભારતની પ્રતિબદ્ધતા સાથે સુસંગત છે. અમારો ફાર્માસ્યુટિકલ અને મેડિકલ ડિવાઈસીસ ઉદ્યોગ આ મિશનમાં મહત્વપૂર્ણ ભાગીદાર તરીકે ઊભો છે," એમ તેમણે પુષ્ટિ આપી. પ્રજાસત્તાક ઈન્ડોનેશિયાના સ્વાસ્થ્ય મંત્રી શ્રી બુડીજી સાદિકિન અને નેધરલેન્ડના મંત્રી ડૉ. અર્ન્સ્ટ કુઈપર્સે તેમની પ્રારંભિક ટિપ્પણીમાંસ્વાસ્થ્ય અને ફાર્માકોલોજીમાંભારતની સફળતા પર પ્રકાશ પાડ્યો હતો તથા દેશો વચ્ચેજોડાણની જરૂરિયાતપર ભાર મૂક્યોહતો. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "ભારતમાં ઉત્પાદિત થતી દવાઓ નેધરલેન્ડ, યુરોપ અને સમગ્ર વિશ્વમાં જીવન બચાવે છે. હું ભારતસાથેસહયોગને વધુ સઘન બનાવવા આતુર છું. નવીન દવાઓમાં ભાગીદારી માટે પુષ્કળ તકો રહેલીછે. ભારતજેનરિક અને વિશિષ્ટ દવાઓમાં જે ક્ષમતા અને જ્ઞાન ધરાવે છે, તેની સાથે અમે ભારત સાથે વધુ સંકલિત જોડાણ માટે આતુરછીએ, એમડૉ કુઈપર્સે જણાવ્યું હતું. ડૉ માંડવિયાએ આજે ઈન્ડોનેશિયાના આરોગ્ય પ્રધાન સાથે સફળદ્વિપક્ષીય બેઠક પણ કરી હતી. તેઓએ આરોગ્ય ક્ષેત્રમાં સહકાર અને સહયોગના ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી. આ કાર્યક્રમમાં રસાયણ અને ખાતર મંત્રાલયનાં ફાર્માસ્યુટિકલ વિભાગનાં સચિવ સુશ્રી એસ અપર્ણાએ જણાવ્યું હતું કે, આ પ્રકારનું પ્લેટફોર્મ ઉદ્યોગ અને સમગ્ર વિશ્વની સરકારોને એકબીજા પાસેથી શીખવાની તક પૂરી પાડે છે અને સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચના સમાનધ્યેય તરફએકબીજાને ટેકો આપે છે. તેમણે કોવિડ -૧૯ મહામારીમાંથી શીખેલા પાઠ પર પણભાર મૂક્યોહતો, અને કહ્યું હતું કે, "મહામારીએ આપણને શીખવ્યું છે કે આરોગ્ય કટોકટીનો પ્રતિસાદ ઈચ્છાથી બનાવી શકાતો નથી, તેને લાંબા ગાળાના વિકાસ અને રોકાણની જરૂર હોય છે." ડૉ.. માંડવિયાએ જી૨૦ના પ્રતિનિધિઓ અને મંત્રીઓના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું, જેમાં ઈન્ડોનેશિયાના આરોગ્ય મંત્રી શ્રી બુડી જી સાદિકીનનો સમાવેશ થાય છે અને તેઓ જન ઔષધિ કેન્દ્રને સંબોધિત કરે છે, જેથી તેઓ તેના નાગરિકોને ગુણવત્તાયુક્ત, સુલભ, વાજબી અને ગુણવત્તાયુકત દવાઓ પૂરી પાડવામાં ભારતની સફળતાની જાણકારીઆપી શકે. આ મુલાકાત બાદ શ્રી બુડી ગુનાડી સાદીકિને જણાવ્યુંહતુ કે, "હુ ઈન્ડોનેશિયામાં મારા લોકોને શ્રેષ્ઠ દવાઓ આપવા માગું છું. મેં વિવિધ દેશોના ઘણાં મૉડલ્સ જોયાંછે, અનેભારતનું જન ઔષધિ કેન્દ્ર મૉડલ લોકોને ગુણવત્તા, સુલભતાઅને દવાઓની પરવડે તેવી ક્ષમતા પ્રદાન કરવાની દ્રષ્ટિએ વિશ્વમાંશ્રેષ્ઠ છે."

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને દાહોદ જિલ્લાના સાલિયા ધામ, કબીર આશ્રમ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

કમલમ્ ન્યુઝ,

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્યદેવવ્રતજીના અધ્યક્ષસ્થાને આજે દાહોદ જિલ્લાના સાલિયા ધામ, કબીર આશ્રમખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં શ્રીમદ્ બ્રહ્મનિરૂપણ જ્ઞાનયજ્ઞ કાર્યક્રમ અંતર્ગત કૃષિ પરિસંવાદ કાર્યક્રમનું આયોજન કરાયું હતુ. દાહોદ ખાતે ખેડૂતોને સંબોધન કરતાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં પ્રાકૃતિક કૃષિ સાથે જોડાઈને દેશને પોષણયુક્ત અનાજ-પાક મળે,ખેડૂતોની આવક વધે, લોકો તંદુરસ્ત બને તે માટેના પ્રયત્નો અનેઅભિયાનો ચલાવવામાં આવી રહ્યાછે. વધતાજતા ગ્લોબલ વોર્મિંગની નકારાત્મક અસરો, ઘટી રહેલાં કૃષિ ઉત્પાદન તેમજ સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર અસરકારક ઉપાય છે. તેમણે ઉમેર્યું કે, જે રીતે જંગલનાં વૃક્ષોને કુદરતી રીતે જ પોષણ મળે છે, ત્યાં કોઈ પ્રકારના ખાતર વિના જ આપોઆપ ફળ આવી જાય છે. પ્રાકૃતિક ખેતીમાં પણ જીવામૃત અને ઘન જીવામૃત આધારિત કુદરતી પદ્ધતિઓ દ્વારા ખેતી પોષણક્ષમ તો બને જ છે, ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થઈ જાય છે. રાજ્યપાલશ્રીએ યુનેસ્કોના રિપોર્ટનો હવાલો આપતા જણાવ્યું કે, જો રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડવામાં નહીં આવે, તો આગામી ૪૦ વર્ષમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના કારણે જમીન સદંતર બિનઉપજાઉ બની જશે. તદુપરાંત, વિદેશથી મંગાવવામાં આવતા યૂરિયા અને અન્ય રાસાયણિક ખાતરોમાં દેશનું હૂંડિયામણ પણ ખર્ચ થાય છે. જ્યારે પ્રાકૃતિક કૃષિથકી જમીનનાં પોષક તત્ત્વો પણ જળવાઈ રહે છે તેમજ વરસાદી પાણી પણ જમીનમાં ઉતરવાના કારણે જમીનનું જળસ્તર પણ ઊંચું આવે છે. તેમણે જણાવ્યું કે, દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડ સુક્ષ્મ જીવાણું હોય છે. ગાયના ગોબર અને ગોમૂત્ર આધારિત પ્રાકૃતિક ખેતીના કારણે પ્રથમ વર્ષથી જ પૂરેપૂરું ઉત્પાદન મળેછે. એટલું જ નહીં, ખેડૂતોનો ખર્ચ પણ શૂન્ય થવાથી તેમની આવક બમણી કરવાનું પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્નપણ સિદ્ધ કરી શકાશે. આ માટે તેમણે અળસિયા આધારિત કુદરતી ખાતર બનાવવાની વિધિ, જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન વિશે પણ વિગતવાર સમજણ આપી હતી. પ્રાકૃતિક ખેતી કરવાથી ખેતરમાં અળસિયાનો વ્યાપ વધે છે જેનાથી નેચરલ હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઊભી થાય છે. રાજ્યમાં પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતોની સંખ્યામાં થયેલી વૃદ્ધિ વિશે વિગતો આપતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, છેલ્લાં ચાર વર્ષ દરમિયાન રાજ્યમાં ૭.૭૫ લાખ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. પ્રતિ મહિને ૩.૩૦ લાખ લોકોને પ્રાકૃતિક ખેતીની ટ્રેનિંગ આપવામાં આવે છે. ગુજરાતની ભૂમિને આવનાર બે વર્ષમાં ઝેરમુકત બનાવીશું. રાજ્યપાલશ્રીએ કહ્યુ કે, પ્રાકૃતિક પેદાશોનેવેચવા પ્રત્યેક તાલુકા અને જિલ્લા લેવલે વેચાણ માર્કેટની વ્યવસ્થા ઉભી કરાઈ છે. આ અવસરે પ્રાકૃતિક ખેતી કરતા મહિલા ખેડૂતો સાથે સંવાદ સાધવામાં આવ્યો હતો, જેમણે પોતાના અનુભવોવ્યકત કર્યા હતા. દાહોદ જિલ્લામાં કુલ ૨ લાખ,૧૫ હજાર હેક્ટરમાં ખેતી કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે મકાઈ, સોયાબીન, ચણા, ઘઉં જેવા પાકોની ખેતી કરવામાં આવે છે. સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતી થકી ખેડૂતોની આવક અને ઉત્પાદન બમણું કરવા અંગે એક અભિયાન ચાલી રહ્યુ છે, ત્યારેજિલ્લા ખેતીવાડી અને આત્મા કચેરી, દાહોદ દ્વારા પણ પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા વિવિધ શિબિરોનું સતત આયોજન કરવામાં આવ્યું છે. દાહોદ જિલ્લામાં ૨૮,૦૫૫ એકર વિસ્તારમાં કુલ ૪૧,૬૭૯ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. સરકારની દેશી ગાય નિભાવ યોજના અંતર્ગત દાહોદમાં ૧૫,૨૨૧ ખેડૂતોને નાણાકીય સહાયનો લાભ આપવામાં આવ્યો છે.

કબીર આશ્રમ,સાલિયા ખાતે અત્યારે સેવાયજ્ઞ ચાલી રહ્યો છે, જે અંતર્ગત આ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન કરાયું હતું. આ આશ્રમ ખાતે ગૌશાળા તથા આરોગ્ય ધામ થકી નિ:શુલ્ક શિક્ષણ અને આરોગ્યની સેવાઓ પ્રદાન કરવામાં આવેછે તથાપ્રાકૃતિક ખેતી માટે જરૂરી ગાય આધારિત ખાતર બનાવવામાં આવે છે. આ તકે ઉપસ્થિત સૌ લોકોએ પ્રાકૃતિક ખેતી અંગે ટૂંકી ફિલ્મ નિહાળી હતી. કબીર આશ્રમના મહંતશ્રી ઋષિકેશદાસજીએ સ્વાગત તથા કાર્યક્રમના અંતે મહંતશ્રી કમલકિશોર દાસજીએ આભારવિધિ કરી હતી. પ્રાકૃતિક કૃષિ પરિસંવાદકાર્યક્રમમાં રાજ્યના પંચાયત અને કૃષિ રાજ્ય મંત્રીશ્રી બચુભાઈ ખાબડ,દેવગઢ બારીયા એ.પી.એમ.સી ચેરમેનશ્રી ભરતભાઈ ભરવાડ, પ્રાકૃતિક કૃષિના રાજ્યકક્ષાના સંયોજક શ્રી પ્રફુલ્લભાઈ સેજલિયા,આત્મા નિયામકશ્રીપી.એસ.રબારી, કબીર આશ્રમના મહંતશ્રી ઋષિકેશદાસજી, મહંતશ્રી રોહિતદાસજી તથા પ્રાકૃતિક કૃષિ સાથે સંકળાયેલા ખેડૂતો અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

સોમનાથ ખાતે મત્સ્યદ્યોગ અને પશુપાલન મંત્રી શ્રી પરષોત્તમભાઈ સોલંકીના હસ્તે 'પ્રાદેશિક સરસ મેળો-૨૦૨૩'નું થયું ઉદ્ઘાટન



કમલમ્ ન્યુઝ,સોમનાથ

મત્સ્યદ્યોગઅને પશુપાલન મંત્રી શ્રીપરષોત્તમભાઈ સોલંકીના હસ્તેસોમનાથ ખાતેપ્રાદેશિક સરસ (SARAS- Sale of Articles of Rural Artisans Society) મેળો-૨૦૨૩નું ઉદઘાટન કરવામાં આવ્યું હતુ. કિલ્લાવાળા હનુમાનજી મંદિર ગ્રાઉન્ડ, સોમનાથ ખાતે તા.૧૯ થી ૨૭ ઓગષ્ટ દરમિયાન સવારે ૧૦થી રાત્રે ૧૦ વાગ્યા સુધી આ મેળોયોજાશે. જેમાંકલાકારો દ્વારા દરરોજ સાંજે અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમોની પણ પ્રસ્તુતિ થશે. આ મેળામાં ભાવનગર, સુરત, અમરેલી, મહેસાણા, બનાસકાંઠા વગેરે શહેરોમાંથી આવેલા મહિલા સ્વસહાય જૂથોના પર જેટલા સ્ટોલ પરથી જાતે જ બનાવેલી વિવિધ વસ્તુઓનાઉત્પાદન મળશે. આ તકે મંત્રીશ્રી, અધિકારીઓ અને મહાનુભાવોએ પણ સરસ સ્ટોલમાં રહેલી વિવિધ વસ્તુઓ નિહાળી હતી અને મહિલાઓની કામગીરીને બીરદાવી હતી. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગ્રામીણ મહિલાઓ પણ આર્થિક રીતે પગભર બની શકે અને સ્વનિર્મિત વસ્તુઓ વેચી શકે તેમાટે સરકારશ્રી દ્વારાતેમને સરસ પ્લેટફોર્મ પૂરુ પાડવામાં આવે છે. જ્યારે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પલ્લવીબેન બારૈયાએસરસપ્લેટફોર્મઅને તેની કામગીરી વિશે ઉપસ્થિત તમામને માહિતગાર કર્યા હતાં. આ ઉદ્ઘાટનમાં અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય શ્રી વિમલભાઈ ચુડાસમા, જિલ્લાવિકાસ અધિકારી શ્રી રવિન્દ્ર ખતાલે અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી પલ્લવીબેન બારૈયા, સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા તેમણ અગ્રણી માનસિંહભાઈ પરમાર સહભાગી થયા હતાં. નોંધનીય છેકે, ગ્રામીણ વિકાસમંત્રાલય ભારતસરકાર અને ગ્રામ વિકાસ વિભાગ ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવીકા મિશન અંતર્ગત દેશના વિવિધ રાજ્યો તથા ગુજરાત રાજ્યના ગ્રામીણ મહીલા સ્વસહાય જુથો દ્વારા ઉત્પાદીત કરવામાં આવતી કલાત્મક વિવિધ વસ્તુઓના વેંચાણ દ્વારા સ્વસહાય જુથો (સખીમંડળો) ને બજાર વ્યવસ્થા પુરી પાડી તેમને સ્વનિર્ભર અને સશક્તિકરણ કરવાના શુભ આશયથીપ્રદર્શન સહ વેંચાણ થાય તે હેતુથી પ્રાદેશિક સરસ મેળાનું આયોજન કરવામાં આવે છે. આ મેળામાં મસાલા, ખાખરા પાપડ, આર્યુવેદીક ઔષધીઓ, મુખવાસ, હાથવણાટ, મોતીકામ, ચાદરો, ઓછાડ, ઈમીટેશન જ્વેલરી, પંચગવ્ય ગૌ આધારીત પ્રોડક્ટ, દોરીવર્ક, ઝુલા રમકડા, સોફ્ટ ટોયઝ, રાખડી, તોરણો, લેડીઝ ડ્રેસ મટીરીયલ્સ, શાલ, બાંધણી, ઉનની બનાવટો, અગરબત્તી, અથાણા, મુરબ્બો, મીણબત્તી, ઘરદીવડા, દરીયાઈ શંખ-છીપલાની વસ્તુઓ, લાકડાના રમકડા, ભગવાનના વાઘા અને શણગાર, ખાટલીવગેરેનું વેંચાણ ઉપરાંત ખાણીપીણીની સુવિધા તેમજ દરરોજ સાંજે અવનવા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ છે. જેથી ગીર-સોમનાથના સર્વે નગરજનોને અવશ્ય મુલાકાત લેવા જિલ્લા વહીવટીતંત્ર દ્વારાઅનુરોધ છે.

સુકન્યા સમૃદ્ધિ યોજનાનો ઉદ્દેશ દીકરીઓનું ભવિષ્ય સુરક્ષિત કરી સમાજમાં તેમને આગવું સ્થાન પ્રાપ્ત કરાવવાનો છે -નવસારી સાંસદશ્રી સી.આર.પાટીલ

નવસારી ખાતે સાંસદશ્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને લાભ વિતરણ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,નવસારી

પટેલ વાડી, તીઘરા, નવસારી ખાતે જિલ્લા વહિવટીતંત્ર દ્વારા આયોજીત સુકન્યા સમૃધ્ધિ યોજના તેમજ પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાના લાભાર્થીઓને નવસારી સાંસદશ્રીસી.આર.પાટીલના વરદ હસ્તે લાભ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સાંસદશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના સ્વરોજગારી અને આત્મ નિર્ભરતાનો ગૌરવભર્યો માર્ગ ચીંધ્યો છે. કોરોના કાળમાં ધંધા રોજગાર ખોરવાઈ જવાના લીધે નાના ધંધા રોજગાર કરનારા લોકોને જરૂરી મૂડીની મુશ્કેલી ઊભી થઈ હતી.તે સમયે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સરકારે પી.એમ.સ્વનિધી યોજના શરૂ કરાવીને નાના ધંધા રોજગાર કરનારાઓને રૂ.૧૦ હજાર કે રૂ.૨૦ હજારની મૂડી રોજગારી વિષયક પ્રવૃત્તિઓ શરૂ કરવા ખૂબ સરળતા થી ઉપલબ્ધ કરાવી હતી. સાંસદશ્રીએવધુમાં કહ્યુંહતું કે,વર્ષો પહેલા સમાજમાં દીકરીના જન્મ વખતે જે ભાવ હતો તે ભાવ આજે સમગ્ર ભારતવર્ષમાં સંપૂર્ણ બદલાયો છે અને જેનો શ્રેય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની આગવી દીર્ઘ દ્રષ્ટિને આભારી છે. વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૧૫ માં સુકન્યાસમૃધ્ધિયોજનાનો આરંભ કર્યોજેનો ઉદ્દેશ દીકરીઓનું ભવિષ્ય સુરક્ષિત કરી સમાજમાં તેમને આગવું સ્થાન પ્રાપ્ત કરાવવાનો છે. કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે દીકરીઓને સુકન્યા સમૃધ્ધિ ખાતાનીપાસબુક વિતરણ કરવામાં આવી હતી અને પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાના લાભાર્થીઓને લાભ વિતરણ કરવામાં આવ્યો હતોતેમજસુકન્યાસમૃધ્ધિ યોજના, પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અને ટીબી મુકત ભારત અભિયાન અંગેની દસ્તાવેજી ફિલ્મ દર્શાવવામાં આવી હતી. આ અવસરે જિલ્લાકલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવે શાબ્દિક સ્વાગત કર્યું હતુંતેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી રાજશ્રી ટંડેલે આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભીખુભાઈ આહિર, જિલ્લાભાજપ પ્રમુખશ્રી ભુરાભાઈ શાહ, નગરપાલિકા પ્રમુખશ્રી જીગીશભાઈ શાહ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, પુર્વ ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈ, અગ્રણીશ્રી પ્રેમચંદભાઈ લાલવાણી સહિતના પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ તેમજ મોટીસંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

કચ્છમાં મનુષ્યનીસંખ્યા કરતા પશુઓની સંખ્યાવધુ છે. ત્યારે બિમારીમાં તેઓની યોગ્ય રીતે સુશ્રુષા થઈ શકે તેની તાતી જરૂરીયાત હતી. ૧૯૯૨માં ભુજના૭ ટીનેજર યુવકોએ પોતાની પોકેટ મનીમાંથી રખડતા પશુઓને નિરણ અને પ્રાથમિક સારવાર આપવાની કરેલી શરૂઆત ૨૦૧૩માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી તથાયશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આયુવકોને જમીન ફાળવણી કરાતાઆખરે આધુનિક સુવિધાથી સજ્જ કચ્છના પશુઓ માટે અલાયદી હોસ્પિટલ તૈયાર થઈ. આ કલાપૂર્ણસૂરિ કરુણાધામ હોસ્પિટલનું લોકાર્પણ કરવા ભુજ ખાતે તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ખાસ પધાર્યા હતા. આ હોસ્પિટલે ૨૦૧૩થી ૨૦૨૩ સુધી ૪૩ હજારથી વધુ પશુઓની સારવાર કરીનેસેવાનો યજ્ઞપ્રજવલિત રાખ્યોછે. આ અંગેશ્રી સુપાશ્રવ જૈનસેવા મંડળ-ભુજ સંચાલિત ''કલાપૂર્ણસૂરિ કરુણાધામ'' હોસ્પિટલના પ્રમુખશ્રી કૌશલમહેતા જણાવે છે કે, નાના પાયે શરૂ કરેલ સેવાયજ્ઞમાં રખડતાપશુઓની પીડાજાણવા મળતાતેની સેવાથઈ શકે તેવીહોસ્પિટલ શરૂ કરવાની નેમ હતી. પરંતુ જમીનનો પ્રશ્ન હતો જે અંગે તત્કાલીન ધારાસભ્યો મારફતે રાજય સરકારને લાગણી પહોંચાડતા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી તથા વડાપ્રધાનશ્રીનરેન્દ્રભાઈ મોદીએકચ્છના પશુઓની પીડાને સમજીનેતત્કાલ જમીન ફાળવણી કરી આપતાજિલ્લાના લાખો પશુઓ માટે એકઆરોગ્યધામ ઉભું કરવાનું સપનુંસાકાર થયું. જેમાં મનુષ્યની હોસ્પિટલનીજેમ જ એક જ પરિસરમાં નાના-મોટા પશુઓ માટે ઓપરેશન થિયેટર, લેબોરેટરી, સોનાગ્રાફી, એક્સ-રે, ઓપીડી, મેડીકલસ્ટોર સહિતની તમામ સુવિધા ઉપલબ્ધછે. રાજય સરકાર દ્વારા વર્તમાન સમયમાં સબસીડી તથાજરૂરી સેવા-સાધન સહાય માટે ગ્રાન્ટ ફાળવવામાંઆવે છે. જે બદલમુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યકત કરૂ છું.વર્ષ ૨૦૧૩માં આ પશુ આરોગ્ય ધામની સ્થાપના થઈ ત્યારથી વર્ષ ૨૦૨૩ સુધી ૪૩હજારથી વધુ પશુઓની સારવાર કરાઈ છે. સામાન્ય રીતે કચ્છમાં શીંગડાના કેન્સર, ગર્ભાશય બહાર નીકળી જવું, અકસ્માતગ્રસ્ત પશુઓના કેસવધુઆવતાહોય છે.આમ, પશુઓના મોટાથી રોગથી લઈને તાવ જેવાનાના કેસ સુધીના તમામ કેસમાં અહીં સારવાર ઉપલબ્ધછે. ભવિષ્યમાં આઈકેર યુનિટ, ડેન્ટલ વિભાગ તથા અન્ય વિભાગોને આધુનિક સાધનોથીસુસજ્જ કરવાની નેમ છે. તેઓવધુમાં ઉમેરે છે કે, અહીં રખડતા પશુઓ જે કોઈપણ રોગના કારણે દિવ્યાંગ થઈ જાય તેઓને કાયમી ધોરણે રાખવામાં આવે છે. હાલ અહીં ગાય, ભેંસ, ઘોડા, ઊંટ, રોઝ, સસલાં, કબુતર, પોપટ, કૂતરા, ગધેડા, બળદ, વાછરડા, સહીતના ૧૦૦૦થી વધુ પશુઓ હોસ્પિટલમાં છે. જેઓની સારવાર સાથે કાયમી ધોરણે ભરણ-પોષણ કરવામાં આવે છે. સમગ્ર સંચાલનમાં આજ ૬૦થી વધુ સભ્યનું ગ્રુપજોડાયેલું છે.

મોડાસા નગરપાલિકાના સફાઈકામદારોનુંઅભિવાદન કરી મોડાસા બી.બી.એ. કોલેજધ્વારા સ્વચ્છતા સપ્તાહનો સમાપન સમારોહયોજાયો

કમલમ્ ન્યુઝ,

ધી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત શ્રી બી. એચ. ગાંધી બી.બી.એ કોલેજ, મોડાસા તથા નેશનલ ગ્રીન કોપ્સ ઈકો કલબ ''ગીર ફાઉન્ટેશન'' ના સયુકત ઉપક્રમેમોડાસા નગર પાલિકાના ચીફ ઓફીસરશ્રી સંજયભાઈ પંડયા ધ્વારા મોડાસા નગરમાં સફાઈ કામગિરીનો વિસ્તૃત અહેવાલ આપી જીવનમાં સફાઈનું મહત્વ અંગે વકતવ્ય આપી સ્વચ્છતાનીશપત લેવળાવવામાંઆવી જેમાંજી શ્રી સુનિલભાઈ રાજપુરોહીત તથા પાલિકાના સફાઈ કામદારશ્રીઆશિષભાઈ, નરેશભાઈ કોલેજ કેમ્પસના ભારતીબેન તથા કોલેજના સેવક વસંતભાઈ મકવાણાનું બુકે તથા સાલથી સન્માનવામાં આવ્યા. કોલેજના આચાર્ય શ્રી પ્રિ. ડૉ. તુષારભાઈ ધ્વારા વિદ્યાથીઓ સપ્તાહ દરમ્યાન કરવા માં આવેલ પ્રવૃત્તિ જેવી કે પોસ્ટર કોમ્પીટીશન, રંગોળી હરીફાઈ, દેશ ભકિતના ગીતોની હરીફાઈ, નૃત્ય સ્પર્ધા, મેરીમિટ્ટી મેરા દેશ, હર ઘર તિરંગા, સ્વતંત્ર વીરો ને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ, વૃક્ષારોપણ અનેરોપાવિતરણ સપ્તાહ દરમ્યાન કરેલ ઉજવણીનો ટૂકોઅહેવાલ આપ્યો હતો સમગ્ર કાર્યક્રમ નું સંચાલન પ્રા. દિપીકાબેન ઈસરાણી તથા સ્ટાફ ધ્વારા કરવામાંઆવ્યુ આપ્રસંગે મંડળના ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ વી. શાહ તથા માનદ્?મંત્રીશ્રી રમેશભાઈ પી. શાહ દ્વારા વિદ્યાથીઓને સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપી માહિતગાર કર્યા હતા જેમાં વિદ્યાથીઓએ ઉત્સહાભેર ભાગ લીધો હતો. મંડળના પ્રમુખશ્રી નવિનભાઈ મોદી ધ્વારા કાયક્રમને સફળ બનાવવાશુભેચ્છા પાઠવી હતી.

સાબરકાંઠાની તલોદ તાલુકા પંચાયતની આગવી ડીજીટલ પહેલ

જિલ્લા સમાહર્તાશ્રીની અધ્યક્ષતામાં તલોદ તાલુકા પંચાયતનો ઇ-ગ્રામ અભિલેખ લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,

સાબરકાંઠાજિલ્લાની તલોદતાલુકા પંચાયતનો ઈ-ગ્રામ અભિલેખ લોન્ચિંગ કાર્યક્રમ જિલ્લા સમાહર્તાશ્રી નૈમેષ દવેની અધ્યક્ષતામાં તલોદ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે કલેક્ટરશ્રી નૈમેષ દવેએ જણાવ્યું કે, સમગ્ર ભારત ડીજીટલ ક્રાંતિ તરફ આગળ વધી રહયુ છે ત્યારે ગુજરાત સરકારે રેકર્ડ ડીજીટલ કરવા અંગે વિવિધ પ્રયાસો હાથ ધર્યા છે. તે સંદર્ભે તલોદ તાલુકા પંચાયત ધ્વારા તમામ ગ્રામ પંચાયતનું રેકર્ડ ડીજીટલ કરવા અંગે નવતર પ્રયાસ હાથ ધર્યો છે. આ નાનકડા પ્રયાસથી નાગરીકોના સમય અને નાણાંના બચાવની સાથે કામગીરી ઝડપી બનશે.આ પ્રસંગેતાલુકાના તમામ તલાટીશ્રીઓને કલેકટરશ્રીએ અભિનંદન પાઠવ્યાહતા. જિલ્લાવિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરાની સુચના અને માગદર્શન હેઠળ તલોદ તાલુકા પંચાયત ધ્વારા તમામ ગ્રામ પંચાયતનું રેકર્ડ ડીજીટલ કરવા અંગે સ્વયં નવતર પ્રયોગ હાથ ધર્યો છે. તાલુકાની તમામ ગ્રામ પંચાયતના તલાટી ક્મ મંત્રીશ્રીઓ અને વી.સી.ઈ.મારફત રેકર્ડ સ્કેન કરી પી.ડી.એફ. બનાવાઈ છે. આ પ્રોજેકટ કોઈ પણ પ્રકારની સરકારી ગ્રાન્ટનાઉપયોગ કર્યાવિના ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગકરીને જ પુર્ણ કરવામાં આવ્યો છે. આરેકર્ડ ડીજીટલાઈઝેશનના આપ્રયાસથી ગ્રામ પંચાયતોના સ્થાયી રેકર્ડની સાચવણી લાંબા સમય સુધી થઈશકશે અને નાગરીકો તેને સ્વયં ઓનલાઈન જોઈ શકશે. વધુમાં, તલાટીશ્રીઓ ધ્વારા દર વર્ષે અપડેટ થતા રેકર્ડને પણ આ જ લીંકમાં અપલોડ કરવાનો નિશ્ચય વ્યકત કરાયો છે. તલોદ તાલુકાના કુલ–૭૨મહેસુલી ગામો તથા તમામ ગ્રામ પંચાયતોનું ઉપલબ્ધ તમામસ્થાયી રેકર્ડજેવુ કેજન્મ-મરણ અને લગ્ન રજીસ્ટર ગામના નમુના નંબર ૨–૨, ગામતળ/ ગૌચર સ.નં.ની વિગતો, ગામનો નકશો, ગામ નમુના નં–૧૬, બીનખેતીહુકમ અને પ્લાન, સણંદો તમામ રેકર્ડગામના તલાટીકમ મંત્રીશ્રીઓઅને વી.સી.ઈ.ના ધ્વારા પોતાની રીતે સ્કેન કરી ડીજીટલ બનાવ્યા છે. જે રેકર્ડ જિલ્લા પંચાયત સાબરકાંઠાની વેબસાઈટ (https://sabarkanthadp.gujarat.gov.in) પર મુકવામાંઆવ્યો છે. જે વેબસાઈટની મુલાકાત લેવાથી નાગરીકો પોતાના ગામના નામ પર કલીક કરી ગુગલ ડ્રાઈવના માધ્યમથીપોતાને જોઈતુ રેકર્ડ સરળતાથીમેળવીશકો. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, તાલુકા પંચાયત ઉ.પ્રમુખ સંજય પટેલ, પ્રાંત અધિકારીશ્રી ડોડિયા, તાલુકા વિકાસ અધિકારીશ્રી મૌલિક શર્મા, અગ્રણીઓ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

વાલિયાના રૂંધા ગામ ખાતેથી ગેરકાયદેસર રીતે ચંદનના વેચાણનું રેકેટ ઝડપાયું

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

વાલિયા તાલુકા ના રૂંધા ગામ ખાતે એક દંપતી ના મકાન માંથી નેત્રંગ વન વિભાગની ટીમ અને ભરૂચ એસ.ઓ.જી પોલીસે સંકલનમાં રહી ચંદનના લાકડા ની ચોરી અને ચંદન ના , પાવડરનું વેચાણ કરતા પતિ પત્ની ને ઝડપી પાડી અંદાજે રૂપિયા ૩૫.૧૦ લાખ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે .ત્યારે નેત્રંગ ફોરેસ્ટ વિભાગે આ ગુજરાતની સૌથી મોટી અને પ્રથમ ચંદન ચોરીની ઘટના ગણાવીછે. ભરૂચ જિલ્લા ના છેવાડા ના. નેત્રંગતાલુકાના હાથકુંડી અને જામુની ગામમાંથી ચંદન ચોરીની ઘટના બાદ નેત્રંગ વન વિભાગના આર.એફ.ઓ. સરફરાજ ઘાંચી અનેવન વિભાગની ટીમોએ તેમજ ભરૂચ એસ.ઓ.જીની ટીમોએ ચંદન ચોરી માં સંડોવાયેલ શખ્સો ને ઝડપી પાડ્યામાટે તપાસ હાથ ધરી હતી. દરમિયાન હ્યુમન ઈન્ટેલીજન્સ ના આધારે માહિતી મળી હતી કે, વાલિયાતાલુકાનાં રુંધાગામમાં દંપતીએ ચંદનના લાકડાનોજથ્થો સંતાડેલો છે. જે માહિતી ના આધારે નેત્રંગ વન વિભાગની ટીમ અને ભરૂચ એસઓજી પોલીસ ની ટીમે સંકલન માં રહી ને રૂંધા ગામ ખાતે મૂળ સુરતના કામરેજના વિમલ મહેતાના ઘરેથી ચંદનનો જથ્થો મળી આવ્યો હતો,નેત્રંગ .વન વિભાગે સ્થળ પરથી ચંદનના લાકડાના ૪૫ ટુકડા,૧૪૭૮ કિલોચિપ્સ, ૨૮૨ કિલોપાઉડર અને ૧૧૭કિલો ચંદન ની છાલ, ૧૮૨૫ કિલો ગદામણી ના મૂળ તેમજ ૬૦ કિલો અર્જુન સાદડ ની છાલ, ૪૫ કિલો બિયોછાલ, ૪૯ કિલો ખપાટ જડીબુટ્ટી નો જથ્થો મળીઆવ્યો હતો.જે બાદ નેત્રંગ ફોરેસ્ટ વિભાગ સહિત એસઓજી પોલીસે મામલે વિમલ મહેતાની પૂછ પરછ કરતા ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા હતા.ચંદન ચોર વિમલ મહેતા છોટા ઉદેપુરથી લઈ ડાંગ સુધીના વિસ્તારમાંખેડૂતોના સંપર્કમાંરહી ઓછાભાવે ચંદન ખરીદી કરી લાવી ગેરકાયદેસર સંગ્રહ કરતો હતો, સાથે સાથે જ્યાં ચંદન ની ચોરી થાય તે ચંદન ચોરોના સતત સંપર્કમાં રહી ચોરી કરેલ માલ પણ પોતે ખરીદી કરી લેતો હતો, અને જે તે માંગણી મુજબ મશીનરીનો ઉપયોગ કરી ચંદનને વિવિધ સ્વરૂપે તેનું ખૂબ ઊંચા ભાવે વેચાણ કરતો હતો, નેત્રંગ ફોરેસ્ટ વિભાગ અને ભરૂચએસઓજી પોલીસે ચંદન ચોર વિમલ મહેતા અને તેની પત્ની ની ધરપકડ કરી રૂપિયા ૩૫ લાખ ૧૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી વધુતપાસ હાથ ધરી છે

આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,આણંદ,

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશભરમાં ''મારી માટી, મારો દેશ'' અભિયાનની ઉજવણી કરવામાં આવી રહીછે, જે અંતર્ગત આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના ઔષધિય અને સુગંધિત વનસ્પતિ સંશોધન કેન્દ્ર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્સરસંબંધિત રોગોના ઉપચારમાં ઉપયોગી ઔષધિય વૃક્ષોનો બગીચોબનાવવામાં આવ્યો હતો. જેમાં લક્ષ્મીતરૂ, શીશમ, શીશુ, લક્ષ્મણફળ, નોનીવગેરે વૃક્ષો રોપવામાં આવ્યા હતા. તેમજ કુંવારપાઠુ, તુલસી, બારમાસી, હળદર વગેરે જેવીવર્ષાયુ ઔષધિય વનસ્પતિની રોપણી કરવામાં આવી હતી.કૃષિયુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કે.બી.કથીરીયા, ઔષધિય અને સુગંધિત કેન્દ્રના વિભાગીય વડા ડૉ.કે.વી.પટેલ અને મહાનુભાવોના હસ્તેવૃક્ષારોપણ કરવામાંઆવ્યું હતું આ પ્રસંગે આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક, કુલસચિવ, વિસ્તરણ શિક્ષણ નિયામક, હિસાબ નિયામક, આઈ.ટી. નિયામક, આચાર્ય બી.એ.સી.એ., બાગાયત સહિત યુનિવર્સિટીના અધિકારી/ કર્મચારીગણ ઉપસ્થિતરહ્યા હતાં.

વલસાડ જિલ્લામાં યુવા બોર્ડ દ્વારા ''મારી માટી મેરા દેશ'' કાર્યક્રમ અંતર્ગત ૧૮૦થી વધુ સૈનિકો- શહીદના પરિવારજનોનું સન્માન કરાયુ

કમલમ્ ન્યુઝ,વલસાડ

''મારી માટી મેરા દેશ'' કાર્યક્રમ અંતર્ગત ગુજરાત સરકારના સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્યમંત્રી મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ યુવા બોર્ડના સ્ટેટ કો-ઓર્ડિનેટર કૌશલભાઈ દવેના નેતૃત્વમાં ઝોન સંયોજક હર્ષિતભાઈ દેસાઈના આગેવાનીમાં અને જિલ્લા સંયોજક કિરણભાઈ ભોયાના સુચનથી સમગ્ર વલસાડ જિલ્લામાં વિવિધ તાલુકા અને નગરપાલિકા સંયોજકો દ્વારા દેશ માટે સેવામાં જોડાયેલા સૈનિકો કે જેમાં નિવૃત્ત સૈનિકો, દેશ માટે શહીદ થયેલા સૈનિકોઅને હાલમાંફરજ બજાવી રહેલા સૈનિકો અને એમના પરિવારની મુલાકાત કરી તેમણે કરેલી સેવાબદલફુલહાર પહેરાવી સાલ ઓઢાડી નિવૃત્તસૈનિકોને મીઠું મોઢુ કરાવીદેશ માટેતેઓએ કરેલી સેવાને બિરદાવવામાં આવી હતી. આ કાર્યક્રમ હેઠળ સમગ્ર વલસાડ જિલ્લામાં ૧૮૦ થી વધુ સૈનિકોના પરિવારની મુલાકાત કરી સન્માન કરવામાં આવ્યું. ઝોન સંયોજક હર્ષિતભાઈ દેસાઈએ જણાવ્યું કે, દેશની બોર્ડર પર ઉભા રહેલા જવાન આપણા માટે રાત દિવસ જીવ જોખમમાં મૂકી ઉભા રહે છે. જુવાન દીકરાને દેશની રક્ષા માટે મોકલતા માતા, પિતા, ભાઈ, બહેનોઅને વાલીઓપણ વંદનીય છે. તેમનું ઋણ સમગ્ર દેશવાસીઓ ઉપર રહેશે.

આ કાર્યક્રમ થકી તમામ સૈનિકો અને શહીદોના પરિવારનો આભાર વ્યક્ત કરવાનો અવસર પ્રાપ્ત થયો છે. આ સન્માનથી સૈનિકોની આંખોમાંહરખના આંસુ આવ્યા હતા અને જણાવ્યું કે, આજદિન સુધી કોઈએ અમારી પાસે આવી આ રીતે સન્માન કર્યુ નથી અને ખરેખર કોઈ આવશે એવીઅમે કલ્પનાપણ કરીન હતી, તમે લોકોઆવ્યા અનેસન્માન કર્યુ તે બદલઆભાર વ્યક્ત કર્યાહતો.

અમદાવાદ જિલ્લાના દેત્રોજ અને ધોલેરા ખાતે તાલુકાકક્ષાની ઉજવણી કરાઈ

કમલમ્ ન્યુઝ,

સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત મારી માટી, મારો દેશ અભિયાનની ઉજવણી ચાલી રહી છે. ત્યારે અમદાવાદજિલ્લામાંપણ જનભાગીદારી થકી મારી માટી, મારો દેશ અભિયાનની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. જિલ્લામાં તમામ ૪૬૯ ગામોમાં આ અભિયાનની ભવ્ય ઉજવણી બાદ હવે તાલુકા કક્ષાએ વિવિધ કાર્યક્રમોયોજાઈ રહ્યાછે. જિલ્લાના દેત્રોજઅને ધોલેરાતાલુકા પંચાયત કચેરીખાતેતાલુકાકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. તાલુકા કક્ષાના બંને કાર્યક્રમમાં વીર શહીદોની યાદમાં શિલાફલકમનું અનાવરણ કરવામાંઆવ્યુંહતું. ત્યાં હાજર લોકોએ હાથમાં મુઠ્ઠીભર માટી લઈ પંચ પ્રણ પ્રતિજ્ઞા લીધી હતી. આઉપરાંત વસુધાવંદન થીમ અંતર્ગત વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત તમામ મહેમાનો દ્વારા ધ્વજારોહણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દેત્રોજ અને ધોલેરા તાલુકાના નિવૃત્ત જવાનોનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, દેત્રોજ અને ધોલેરા તાલુકા પંચાયત પ્રમુખશ્રી, મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી તથા બંને તાલુકાના સ્થાનિક આગેવાનો સહિતનાલોકો ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ના અધ્યક્ષસ્થાને જિલ્લાની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક મળી

અમદાવાદ જિલ્લાના વિવિધ પ્રજાકીય પ્રશ્નો સંબંધિત રજૂઆતો બાબતે વિવિધ વિભાગોના અધિકારીઓ વચ્ચે સુગમ સંકલન થકી ત્વરિત ઉકેલ લાવવા બાબતે હકારાત્મક વિચારણા કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

જિલ્લા સેવા સદન, અમદાવાદ ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણાડી.કે.ના અધ્યક્ષસ્થાને જિલ્લાની સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં કલેક્ટરશ્રીએ વિવિધ વિભાગોને લગતા પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવવા માટે વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અમદાવાદ જિલ્લાના વિવિધ પ્રજાકીય પ્રશ્નો અંગે ધારાસભ્યશ્રીઓની રજૂઆતો બાબતે વિવિધ વિભાગોના અધિકારીઓ વચ્ચે સુગમ સંકલન થકી ત્વરિત ઉકેલ લાવવા બાબતે હકારાત્મક વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં જે-તે વિભાગોના પડતર પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવી હતી તેમજ આ બાબતેઉપસ્થિતઅધિકારીશ્રીઓને ઝડપી કાર્યવાહી કરવા સૂચનો આપવામાં આવ્યાં હતાં. આ બેઠકમાં જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી અમિત વસાવા, નિવાસી અધિક કલેક્ટર શ્રી સુધીર પટેલ સહિત જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, વિવિધ વિભાગોના અધિકારીઓ, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

થરાદના વજેગઢ ખાતે સાંસદશ્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તાલુકા કક્ષાનો "મારી માટી- મારો દેશ" કાર્યક્રમ યોજાયો

આવનારી પેઢી સ્વતંત્રતા સંગ્રામના ઇતિહાસથી વાકેફ થાય તે માટે સમગ્ર દેશમાં ''મારી માટી, મારો દેશ'' કાર્યક્રમ યોજાઇ રહ્યો છેઃ- સાંસદશ્રી પરબતભાઇ પટેલ

કમલમ્ ન્યુઝ,

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ''મારી માટી- મારો દેશ, માટીને નમન, વીરોને વંદન" કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. આ કાર્યક્રમની ઉજવણી અંતર્ગત આજે થરાદના વજેગઢ ખાતે લોકસભા સાંસદશ્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તાલુકાકક્ષાનો ''મારીમાટી, મારો દેશ'' માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમની ઉજવણી પ્રસંગે સાંસદશ્રીપરબતભાઈ પટેલ સહિત આગેવાનો અને અધિકારીઓએ હાથમાંતિરંગો લઈ તિરંગા યાત્રામાં જોડાયા હતા. આપ્રસંગે સાંસદશ્રી પરબતભાઈ પટેલે શિલાફલકમનું અનાવરણ કરી વીર શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરતાજણાવ્યું કે, આપણા દેશની આઝાદી માટે પોતાના પ્રાણની આહૂતિ આપનાર વીર શહીદોને શ્રધ્ધાંજલિ આપવા

માટે અને આવનારીપેઢી સ્વતંત્રતા સંગ્રામના ઈતિહાસથી વાકેફ થાય તે માટે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં ''મારી માટી, મારો દેશ'' કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. તેમણે કહ્યું કે, આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ થઈ રહ્યું છેત્યારે આપણા દેશ માટે બિલદાન આપનારા વીર શહીદોને યાદ કરી તેમના જીવનમાંથી પ્રેરણા લઈ મહામુલી આઝાદીનું જતન કરીએ.આ કાર્યક્રમમાં વિકસીત ભારતના સાથ અને સહકાર માટેઅથાગ પરિશ્રમ કરવા તથા આપણા મહાન ભારત દેશના ભવ્ય વારસા પર ગર્વ લેવા અને તેનું જતન કરવા તથા ગુલામીની માનસિકતાના તમામ નિશાનોને નાબૂદ કરીને આપણી રાષ્ટ્રીય એકતા અને અખંડીતતા માટે કામ કરતા રહેવા અને રાષ્ટ્ર પ્રત્યેની અતુટ ફરજોનુંપાલન કરવા અંગેની પંચ પ્રણ પ્રતિજ્ઞા લઈ રાષ્ટ્ર નિર્માણ માટે પ્રતિબધ્ધતાના સંકલ્પ લીધા હતા. મેરી મિટ્ટી, મેરા દેશ કાર્યક્રમ થકી ગામની માટી દેશની રાજધાની દિલ્હી ખાતે મોકલવા માટે કળશમાં માટી એકત્રીત કરી ''વસુધા વંદન થકી અમૃત વાટિકા''તૈયારકરવા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ધ્વજવંદન કરીરાષ્ટ્રગાન સાથે તિરંગાને સલામી આપવામાં આવવી હતી. આ પ્રસંગે થરાદ તાલુકા ખરીદ-વેચાણ સંઘના ચેરમેનશ્રી જીવરાજભાઈ પટેલ, બનાસ બેંકના ડિરેક્ટરશ્રી શૈલેષભાઈ પટેલ તથા મામલતદારશ્રી,તાલુકા વિકાસ અધિકારીશ્રી હિતેશ પટેલ સહિત અધિકારીઓ, આગેવાનો, થરાદ તાલુકાના સરપંચશ્રીઓ,ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિતિ રહ્યા હતા

જિલ્લા વિકાસ અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં ગણેશ સિસોદ્રા ખાતે નવસારી તાલુકાકક્ષાનો મારી માટી મારો દેશ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,નવસારી

મારી માટી મારો દેશ માટીને નમન,વીરોને વંદન દેશ માટે બલિદાન આપનારા વીરોને સમર્પિત અભિયાન કાર્યક્રમ આજરોજ નવસારી તાલુકાકક્ષાનો જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પ લતાના અધ્યક્ષતામાં ગણેશ સિસોદ્રા ખાતે રામજી મંદિરના પ્રાંગણમાં યોજાયો હતો. ભારતભરમાં ૯મી ઓગસ્ટ થી મારી માટી, મારો દેશ અભિયાન ચાલીરહ્યુંછે. નવસારીમાં ગ્રામપંચાયતોબાદ હવેતાલુકા કક્ષાએ વિધિવત રીતે મારી માટી મારી દેશ મહાઅભિયાન ઉજવાઈ રહ્યુ છે. ગણેશ સિસોદ્રા ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પ લતાની ઉપસ્થિતિમાં નવસારી તાલુકા કક્ષાનો 'મારી માટી, મારો દેશ' કાર્યક્રમયોજાયો હતો.આ કાર્યક્રમ અંતર્ગત ગામેગામથી આવેલ તલાટીશ્રી/સરપંચશ્રી તેમજ આગેવાનો દ્વારા કળશયાત્રા કાઢવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકાના શિલાફલકમનું અનાવરણ કરવામાંઆવ્યું હતું ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રશસ્તિપત્ર અર્પણ તેમજ નવસારી તાલુકાના શહીદો- સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારજનોનું "વીરો કા વંદન" કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાંહાજર દરેકે હાથમાં દીવા-માટી લઈને પંચપ્રાણ પ્રતિજ્ઞા લીધી હતી. તેમજ નવસારીજિલ્લા ભાજપ પ્રમુખશ્રીભુરાભાઈ શાહના

હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના અંતે મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરી અમૃત વાટિકા ગ્રામજનો માટે ખુલ્લી મૂકવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તાલુકાવિકાસ અધિકારીવિભૂતિ સેવકતેમજ તાલુકા/ જિલ્લા પંચાયતના પદાધિકારીઓ/અધિકારીઓ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, સરપંચશ્રીઓ/ તલાટીશ્રીઓ, હોમગાર્ડ, પોલીસના જવાનો, બાળકો, ગ્રામજનો ઉપસ્થિતરહયા હતાં.

કરજણ નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા ૨૫એન.સી.સી. કેડેટ્સને ફાયર બચાવ તાલીમ આપવામાં આવી

કમલમ્ ન્યુઝ,વડોદરા,

કરજણ નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા એચ.સી.પટેલ કોલેજના ૨૫જેટલા એન.સીસી.કેડેટ્સને જુનાબજાર સંસ્કાર કેન્દ્ર ખાતે ઈમરજન્સીનાસમયે ફાયર તેમજ બચાવ કામગીરીની તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત ફાયરના વિવિધ વાહનો તથા સાધનો વિશે થિયરીકલ માહિતીતેમજ પ્રેકટીકલ તાલીમ પણ આપવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લા કલેકટરશ્રીના અદયક્ષાતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

અરવલ્લી જીલ્લાના હિત અને પ્રશ્નોના સમાધાન માટે મળી જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક

કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ અરવલ્લી

મોડાસા કલેકટર કચેરી ખાતે કલેકટર શ્રી પ્રશસ્તિ પરીકની અધ્યક્ષતામાં બેઠક મળી હતી.બેઠકમાં બાયડ ધારાસભ્યશ્રી ધવલસિંહ ઝાલા તરફથીમળેલા પ્રશ્નોઅંગેચર્ચાકરાઈ. અધિકારીશ્રીઓદ્વારા પ્રશ્નોના યોગ્ય નિકાલઅંગે ચર્ચાવિચારણા કરવામાંઆવી. બેઠકમાંટેન્ડર પ્રક્રિયા, મનરેગા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, રોડ રિસર્ફેસિંગની કામગીરી, આઉટસોર્સિંગ કર્મચારીની વિગતો, નલ સે જલ યોજના, આંગણવાડી કેન્દ્રો અને બાળકોની વિગત, દુધસંજીવની યોજના, કુપોષિત બાળકો માટેનીયોજના, સગર્ભાનેઆપતી આરોગ્યવર્ધક સેવાઓ, વિજળી, જ્યોતિગ્રામ યોજના, જમીન સંપાદન, ગૌચર જમીન, પાણી પુરવઠાના સંપની વિગતો, બસ વ્યવસ્થા, ઉજ્જવલા યોજના, સરકારી દબાણ , વનીકરણ , વન વિસ્તરણ જેવાવિષયો પર ચર્ચા કરવામાંઆવી. બેઠકમાં નિવૃત્ત થતા કર્મચારીઓના પેન્શન, સરકારી લેણાં, કર્મચારીઓને મળતા લાભ, લોક અરજીના નિકાલ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી. લોકોની અરજીઓના યોગ્ય નિકાલની પણ ચર્ચા કરાઈ. વહીવટી કામગીરીને ઝડપીઅને પરિણામસભર બનાવવાપણ સૂચન કરાયા. આ બેઠકમાંજિલ્લા પોલીસવડાશ્રી શેફાલીબરવાલ, જિલ્લાવિકાસ અધિકારી દીપેન કેડિયા, જિલ્લા અધીક નિવાસી કલેકટર એન. ડી.પરમાર, જિલ્લા ગ્રામવિકાસએજન્સીના નિયામકશ્રી રાજેશ કુચારા સહિતજિલ્લા સંકલન સમિતિના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

ખેડબ્રહ્મા ખાતેસ્વામી વિવેકાનંદહોલ ખાતેપ્રદેશ મંત્રીઅને પ્રભારી સાબરકાંઠા જિલ્લાના નિલેશભાઈ બુબડીયા સાહેબ ના અધ્યક્ષ સ્થાને સાબરકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીનીકારોબારી યોજાઈ હતી જેમા સાબરકાંઠા જિલ્લાનાપ્રમુખ શ્રી લુકેશભાઈ સોલંકીતેમજ જિલ્લા એસ ટી મોરચાના હોદ્દેદારો તેમજ પોસીના ખેડબ્રહ્મા વિજયનગર તાલુકાના એસ ટી મોરચા ના હોદ્દેદારો હાજર રહ્યા હતા તે ઉપરાંતપૂર્વ ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ તાલુકા પ્રમુખ વિજયનગર દિપકભાઈ નીનામા તાલુકા પ્રમુખ પોસીના અમનભાઈ ગમાર પોસીના પ્રભારી પોપટભાઈ પરમાર વગેરે મોટી સંખ્યામા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર પ્રોગ્રામનુ સંચાલન એસ ટી મોરચાના મંત્રી સાબરકાંઠા ભાજપના કલ્પેશભાઈ પારઘીધ્વારા કરવામાઆવ્યુ હતુ.

રાજકોટમાં બે તથા જિલ્લામાં ૧૦ સરકારી હોસ્પિટલ – આરોગ્ય કેન્દ્રમાં ડાયાલીસીસની સુવિધા

કમલમ્ ન્યુઝ,રાજકોટ

કિડનીના દર્દીઓને સપ્તાહમાં એકથી વધુ વખત લોહી શુદ્ધિકરણ અર્થેડાયાલીસીસ પ્રક્રિયા કરવામાંઆવેછે. રાજકોટ શહેરમાં પી.ડી.યુ. હોસ્પિટલ, પદ્મકુંવરબા હોસ્પિટલ મળીને જિલ્લામાં કુલ ૧૨ આરોગ્ય કેન્દ્ર પર નિઃશુલ્ક ડાયાલીસીસ કરી આપવામાં આવે છે. જેનીકુલબેડ કેપેસીટી૮૧ છે. અહીં ૨૯૧ જેટલા દર્દીઓનું નિયમિત ડાયાલીસીસ કરી આપવમાં આવે છે. રાજકોટ સિવિલ અધિક્ષક ડો. આર. એસ. ત્રિવેદીના જણાવ્યા અનુસાર સિવિલ હોસ્પિટલમાં ૪ શિફ્ટમાં ડાયાલીસીસ કરી આપવામાં આવે છે. અહીં ૨૩ બેડઉપરાંત વધારાના બે બેડતૈયાર રાખવામાંઆવ્યા છે. આ સપ્તાહમાં રોજની ચાર શિફ્ટમાં ૩૩૫ થી વધુ ડાયાલીસીસ કરવામાં આવ્યા છે. પદ્મકુંવરબા હોસ્પીટલમાં બે શિફ્ટમાં ૧૨ બેડમાં ચાલુ સપ્તાહમાં ૯૬ જેટલા દર્દીઓનુ ડાયાલીસીસ કરવામાં આવેલુ હોવાનુ આર.એમ.ઓ. ડો. નુતને જણાવ્યુ છે. જયારે તાલુકા હોસ્પિટલ મુજબ ગોંડલ ખાતે ૩, જેતપુર ખાતે ૯, ધોરાજી ખાતે ૫, ઉપલેટા૧૦, જસદણમાં૩ બેડના ડાયાલીસીસ સેન્ટર ઉપલબ્ધ છે. જયારે સી.એચ.સી. પડધરીમાં ૩, લોધીકા૩, જામકંડોરણા૩, કોટડા સાંગાણી ૨, અમરાપુર ખાતે૩ બેડ કાર્યરત છે. બધા મળી કુલ ૨૯૧ દર્દીઓને ડાયાલીસીસ કરી આપવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં ખાનગી હોસ્પિટલમાં વિવિધ કેન્દ્રોમાં ૨૧ બેડની સુવિધા સાથે ૬૩ દર્દીઓ તેમજ શહેરમાં ૭હોસ્પિટલમાં ૮૯બેડની સુવિધા સાથેના કેન્દ્રોમાં ૫૦૦ જેટલા દર્દીઓનું ડાયાલીસીસ કરવામાં આવતું હોવાનુંઆરોગ્ય અધિકારી શ્રી કે.પી.સિંઘે જણાવ્યુ છે. સરકારશ્રી દ્વારા સરકારી ડાયાલીસીસ કેન્દ્રો પર નિઃશુલ્ક ડાયાલીસીસ કરી આપવામાં આવે છે. માત્રએટલુંજ નહીં, દર્દીઓને ૩૦૦ રૂ. જેટલું ભથ્થું પણ આપવામાંઆવેછે, જયારે ખાનગી હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડ ધારકના ડાયાલિસિસનોખર્ચ રાજ્ય સરકાર દ્વારા પૂરો પાડવામાં આવે છે. હાલની સ્થિતિમાં ખાનગી હોસ્પીટલમાંડાયાલીસીસ કરાવતા દર્દીઓ સરકરી કેન્દ્ર ખાતે ડાયાલીસીસ માટે આવી રહ્યા હોઈ રાજકોટ શહેર તેમજ જિલ્લામાં સરકારી હોસ્પિટલતેમજ આરોગ્ય કેન્દ્ર પર જરૂરિયાત મુજબ દર્દીઓને ડાયાલીસીસકરી આપવા પૂરતી વ્યવસ્થા હોવાનું આ તકે સિવિલ અધિક્ષક તેમજ આરોગ્ય અધિકારીશ્રીઓદ્વારા જણાવ્યું છે.

નવસારી જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઇ

કમલમ્ ન્યુઝ,નવસારી

જિલ્લા સંકલન સહ ફરિયાદ નિવારણ સમિતિની બેઠક જિલ્લા કલેકટરશ્રી અમિત પ્રકાશ યાદવના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદનના સભાખંડ, કાલિયાવાડી, નવસારી ખાતે યોજાઇ હતી. બેઠકમાં નવસારી કલેકટરશ્રી અમિતપ્રકાશ યાદવેસંકલનમાં રજુથયેલા પ્રશ્નો પરત્વે સંબંધિત વિભાગોને તાકિદે કાર્યવાહી પૂર્ણ કરી તેમને લેખિત જવાબ રજૂ કરવાની સૂચના આપીહતી. સંકલન બેઠકમાંનિયમિત મુદ્દાઓએ.જી.ઓડિટ પેરા, સરકારીલેણાંનીવસુલાત, તુમાર સેન્શસ, નાગરીક અધિકાર પત્ર અન્વયે મળતી અરજીઓ, પેન્શન કેસનોનિકાલ સહિતના પ્રશ્નોની સમીક્ષા હાથ ધરવામાં આવીહતી. આ બેઠકમાંજિલ્લા વિકાસઅધિકારીશ્રી પુષ્પલતા, મદદનીશ કલેકટર શ્રી ઓમકાર શિંદે, નિવાસીઅધિક કલેકટર શ્રી કેતન જોષી, પ્રાંત અધિકારીશ્રીઓતેમજ જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિતરહયાં હતા.

વલસાડના પાંડેપરિવાર દ્વારા તેમના માતૃશ્રી સ્વ. મીનાબેન કૈલાશનાથ પાંડેની ૨૨ મીપુણ્યતિથિ નિમિત્તે મ્યુનિસિપલ હોસ્પિટલમાં રૂ. ૧૦ લાખની જીવનરક્ષક દવા અને વિવિધ ગ્લુકોઝબોટલોનું નિઃશુલ્ક વિતરણ

કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડ શહેરના છીપવાડ સ્થિત પાંડે પરિવારના મોભી સ્વ. કૈલાશનાથ અમરનાથ પાંડે દ્વારા તેમના ધર્મપત્ની સ્વ.મીનાબેન પાંડેની પુણ્યતિથિનિમિત્તે વલસાડનગરપાલિકા સંચાલિતમ્યુનિસિપલ હોસ્પિટલ ખાતેસારવાર અર્થેઆવતા જરૂરિયાતમંદ લોકોને સહાયરૂપથવાના શુભ આશયસાથે વિવિધજીવનરક્ષક દવાઓઅને વિવિધગ્લોકોઝની બોટલોનું નિઃશુલ્ક વિતરણનોસેવા યજ્ઞ શરૂ કરવામાં આવ્યો હતો. માનવ સેવાના કાર્ય તેમના સંતાનો, પરિજનો, એમ.આર.મિત્ર વર્તુળ, અન્ય મિત્રોના સહયોગથી અવિરતચાલુ રાખીઆજરોજ સતત ૧૫માં વર્ષેરૂપિયા ૧૦ લાખ (બજાર કિંમત)ની દવાઓ જેમાં ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, વિવિધ ગ્લુકોઝની બોટલો નંગ ૪૪૬૦નું નિઃશુલ્ક વિતરણ વલસાડના આગેવાનોની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પાંડે પરિવારના વડીલપ્રભાશંકર પાંડે, ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી પ્રદેશ લઘુમતી મોરચાના મંત્રી ઈલિયાસ મલેક, વલસાડ મહિલા અને બાળવિકાસ સમિતિઅધ્યક્ષા સોનલબેન સોલંકી, વલસાડટાઉન પોલીસ મથકનાપી.આઈ. બી.ડી જિતિયા,વલસાડ આરટીઓઈન્સ્પેક્ટર ડી.વી. રામ, સંદેશ અખબાર વલસાડના બ્યુરો ચીફ ઉત્પલભાઈ દેસાઈ, વલસાડ પત્રકાર વેલ્ફેર એસોસિયેશનના પ્રમુખ હર્ષદભાઈ આહીર, મુસ્લિમ ધર્મગુરુ મોલાના અઝીઝ, મુસ્લિમસમાજના પ્રમુખ ઝહિરભાઈ દરિયાઈ, વલસાડ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રાજેશભાઈ પટેલ (રાજુ મરચા) વલસાડવિભાગ કેમિસ્ટ એસોસિયેશનના પ્રમુખ કૌશિકભાઈ માકડીયા, વલસાડ નગરપાલિકાના માજી સભ્ય ઝાકીરભાઈ પઠાણ, શ્રી શશીભાઈ શેઠિયા, પ્રવિણભાઈ કચ્છી, નરેશભાઈ પટેલ, ઈમ્તિયાઝકાઝી, સોહિલ કાદરી, વલસાડશહેરની વિવિધસામાજિક, સ્વૈચ્છિક સંસ્થાના અગેવાનો પાંડે પરિવારના પરિજનો,વલસાડ ના પત્રકારો, મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાહતા. ઉપસ્થિતતમામ મુખ્ય મહેમાનો દ્વારા પાંડે પરિવારના મોભી સ્વ. કૈલાશનાથ અમરનાથપાંડેજીની તમામ સેવાકીય પ્રવૃત્તિઓને યાદ કરીબિરદાવ્યા હતા તેમજ તેમના સંતાનો દ્વારા તેમના સેવા કાર્યોને અવિરતચાલુ રાખીઅનોખી માતૃ,પિતૃ વંદનાને બિરદાવીબિરદાવી હતી. વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક દવા વિતરણ કાર્યક્રમમાં પાંડે પરિવારના દિવ્યેશ પાંડે દ્વારા ઉપસ્થિત મહેમાનો, લોકોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના ડો. રોહનભાઈ પટેલ દ્વારા પાંડે પરિવાર દ્વારા આપવામાંઆવેલ નિઃશુલ્ક દવાઓ વિવિધ ગ્લુકોઝની બોટલો અંગેવિગતવાર માહિતીઓ આપી પાંડે પરિવારના આ સેવાકીય કાર્યને બિરદાવીસમગ્ર હોસ્પિટલ વતી આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમની આભાર વિધિ પ્રજ્ઞેશ પાંડે દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પાંડે પરિવારના પુત્રવધુ મેઘા પાંડે દ્વારા કરવામાંઆવ્યું હતું.

રાજકોટ જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવજોશીની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. કલેકટર કચેરી ખાતે યોજાયેલી આબેઠકના પ્રારંભે નિવાસી અધિક કલેકટર શ્રી એસ.જે ખાચરે ઉપસ્થિત સૌને આવકાર્યા હતા અને વર્કશીટના બાકી કાગળોનો સત્વરે નિકાલ કરવા સંબંધિત વિભાગોને તાકીદ કરી હતી. કલેકટરશ્રી પ્રભવ જોષીએ કોર્ટ મેટર હોય તેવા કેસની દર મહિને બે વખત સમીક્ષા કરવા અને કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અંગે તમામ સરકારી વિભાગો તથા શાળા અને શૈક્ષણિક સંસ્થાઓમાં આંતરિક સમિતિ નીમવા જિલ્લા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી. ઘેલા સોમનાથ ખાતે ચાલીરહેલા શ્રાવણ માસના મેળા દરમિયાન નાગરિકોને એસ.ટી. બસોની સુવિધા પૂરીપાડવા કલેક્ટરશ્રીએ એસ.ટી ના વિભાગીય નિયામકને આદેશ કર્યા હતા. જેટકો, સિંચાઈ, જમીન સંપાદન, સંસદ આદર્શ ગ્રામયોજના, મતદાર યાદી સુધારણા, ખેતીવાડીની જમીનનોસર્વે, અર્બનહાટ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સી.એમ. ડેશબોર્ડના બાકી રહેલા પ્રશ્નો, પ્રવાસન સમિતિ વગેરેની કામગીરીવિશે આ બેઠકમાં સવિસ્તર ચર્ચા કરવામાંઆવી હતી. આ બેઠકમાં જિલ્લાવિકાસ અધિકારીશ્રી દેવચૌધરી, નગરપાલિકાઓના પ્રાદેશિક નિયામકશ્રી ધીમંત વ્યાસ, પ્રાંત અધિકારીઓ સર્વ શ્રી કે. જી. ચૌધરી, શ્રી રાજેશ આલ, શ્રી સંદીપવર્મા, શ્રીજે.એન. લીખીયા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી બ્રિજેશ કાલરીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી આર.એસ. ઠુંમર, નાયક વન સંરક્ષક ડોક્ટર તુષાર પટેલ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અવનીબેન હરણ,જિલ્લા આયોજન અધિકારીશ્રી જે. કે. બગીયા, આઈ.સી.ડી.એસ. ના પ્રોગ્રામ ઓફિસરશ્રી સાવિત્રી નાથજી, આરોગ્ય અધિકારીઓડો. એન. એમ.રાઠોડ તથા ડો. પી.કે. સિંઘ, જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ અધિકારીશ્રી અવનીબેન દવે, અનુસૂચિત જાતિવિભાગના નાયબ નિયામકશ્રી આનંદબા ખાચર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બી.એસ.કૈલા, સહિત સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આયોગના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી એમ. વેંકટેશનની અને ઉપાધ્યક્ષાની હાજરીમાં વડોદરામાં બેઠક યોજાઈ

સફાઈકર્મીઓને પ્રાથમિક જરૂરિયાતો સહિતની સુવિધાઓ આપવા આયોગનું અધિકારીઓને સૂચન

કમલમ્ ન્યુઝ,વડોદરા,

રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગના અધ્યક્ષશ્રી એમ. વેંકટેશનની અધ્યક્ષતામાંવડોદરા શહેર અને જિલ્લાના સફાઇ કામદારોનાપ્રશ્નો અને રજૂઆતોની સમીક્ષા બેઠક કલેક્ટર કચેરી સ્થિત ધારાસભા હોલ ખાતે યોજાઈ હતી. બેઠકની શરૂઆતમાં શ્રીએમ. વેંકટેશનજીએ જણાવ્યું હતું કે,આ આયોગનો આશય સફાઈ કર્મચારીઓનો સર્વાંગીણ ઉત્થાન કરવાનો છે. સફાઈ કામદારોને સમાજની મુખ્ય ધારા સાથે ભેળવવાના ભાવ સાથે સમગ્ર રાષ્ટ્રમાં સફાઈ કર્મચારીઓના પ્રશ્નોને વાચા આપવા માટે આ આયોગ કામ કરીરહ્યું હોવાનું તેમણે ઉમેર્યુંહતું. કોરોનાકાળમાંપણ સફાઈ કર્મયોગીઓના અમૂલ્ય યોગદાનની પ્રશંસા કરી આયોગના ઉપાધ્યક્ષ શ્રીમતી અંજના પવારે જણાવ્યું હતું કે, સફાઈ કર્મચારીઓને દરેક કર્મયોગીનીજેમ સન્માન મેળવવાનોઅધિકારીછે. આયોગદ્વારાબેઠકમાં ઉપસ્થિત વડોદરા મહાનગરપાલિકા, કરજણ, ડભોઈ, પાદરા અને સાવલી નગરપાલિકામાં કાયમીઅને કોન્ટ્રાક્ટમાંનોકરી કરતા સફાઈ કર્મયોગીની સાથેચર્ચા કરીતેમના પ્રશ્નો અને રજૂઆતોસાંભળી હતી. આયોગ સમક્ષ સફાઈ કામદારોના વિવિધયુનિયનોએ પોતાની રજૂઆતો મૂકીહતી તેમજ સફાઈ કામદારોએ વ્યક્તિગતરીતે પણ મુક્તમને પોતાનીવાત રજૂ કરી હતી.આયોગ દ્વારા અધિકારી અને એજન્સીના સંચાલકો સાથે ચર્ચા-વિમર્શ કરવામાં આવ્યું હતું. આબેઠકમાં આયોગના ઉપાધ્યક્ષા શ્રીમતી અંજના પવારે કોન્ટ્રાક્ટ રાખનાર એજન્સીઓને હાથના મોજા, બુટ, ઈન્સ્યોરન્સ, માસ્ક, યુનિફોર્મ, બ્લડ ગ્રૂપ સાથેનું આઈ-કાર્ડ, સેનેટાઈઝર સાથે સાથે તેમનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે જરૂરી સફાઈના સાધનો આપવા માટે સૂચના આપીહતી. આબેઠકમાં આયોગદ્વારા સફાઈ કામદારોના આવાસ બનાવવા માટેનું સુચારું આયોજન કરવા માટે ભારપૂર્વક સંબંધિત અધિકારીશ્રીઓને જણાવ્યું હતું. તેમજ વડોદરા મહાનગરપાલિકા

વિસ્તારમાં વોર્ડ અનુસાર સફાઇ કર્મચારીઓ માટે વોશરૂમ, પીવાના પાણીની સુવિધા, ચા-નાસ્તોઅને ભોજન લઇ શકે અને કપડાબદલી શકે તે માટેની અલાયદી સુવિધા માટે પણ જણાવ્યું હતું. આ બેઠકમાં સફાઈ કામદારોને સરકારનીવિવિધ યોજના અને અન્યલાભો વિશેની પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. મનપા કમિશનર શ્રી દિલીપ રાણા દ્વારા આ અંગેપ્રેઝન્ટેશન આપવામાંઆવ્યું હતું. આ બેઠકમાંજિલ્લા કલેકટરશ્રી અતુલ ગોર, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મમતા હિરપરા, સંયુક્ત પોલીસ કમિશનરશ્રી મનોજ નિનામા, જિલ્લા પોલીસ વડાશ્રી રોહન આનંદ, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, વડોદરા મનપાના આરોગ્ય અમલદાર, તમામ નગરપાલિકાઓનાચીફ ઓફિસર, સફાઈ કામદારોના વિવિધ યુનિયનના પ્રમુખ/પ્રતિનિધિઓ, એજન્સીના પ્રતિનિધિઓ તેમજ સફાઈ કામદારો ઉપસ્થિત રહ્યા હતા.

કલાત્મક પ્રવેશદ્વારો– ભવ્ય બાંધણી અને વિશાળ સંકુલ ધરાવતું બિલીમોરાનું સોમનાથ મહાદેવ મંદિર

કમલમ્ ન્યુઝ,નવસારી

પવિત્રશ્રાવણ માસએટલે દેવાધિદેવમહાદેવના સ્મરણનો-પૂજનનો માસ. ધર્મઅને ઉત્સવના સંગમનો માસ. આ માસદરમ્યિાન શિવાલયોનું વાતાવરણ તો અલૌકિક બની જાય છે. શ્રાવણ માસમાં અહીં દૂર દૂરના ભકતોમોટી સંખ્યામાંઆવી દર્શનનોલાભ લેછે. તેમજ મેળાઓનુ પણ આયોજન થાય છે.શ્રાવણ માસ, સોમવારી અમાસ અને શિવરાત્રિએ ભકતોની ભારે ભીડજામે છે. તે સ્થળએટલે દક્ષિણ ગુજરાતનું સોમનાથ મંદિર દક્ષિણ ગુજરાતના શિવાલયોમાં બિલીમોરાના સોમનાથ મહાદેવ મંદિર વિશિષ્ટ અને પ્રભાવક છે. આ ભવ્ય શિવાલય ૧૦૮ ફૂટ ઊંચુ શિખર અને કલા કારીગરીના સુંદર નમૂનારૂપ બાંધકામ ધરાવે છે. બિલીમોરાના સોમનાથ રોડ તરીકે ઓળખાતા રસ્તાના નાકા પર મંદિર સંકુલમાંદાખલ થવામાટેનું ભવ્યઅને કલાત્મક પ્રવેશદ્વાર છે. આ પ્રવેશદ્વાર પાર કર્યાપછી વિશાળ ચોગાન આવે અને ત્યારપછી મંદિર પ્રવેશ માટેનું મુખ્ય-દ્વાર ઉત્તરદ્વાર. આ દ્વાર ૨૦ ફૂટ ઊંચું અનેઆકર્ષક છે. આ દ્વારની ઉત્તરે બગીચો, ફુવારો અને બાલ ક્રિડાંગણ છે. આ ઉત્તર દ્વાર જેવું જ દક્ષિણ દ્વાર પણ છે. આ બંને જોડિયા દ્વારો મંદિરને આગવી શોભા આપે છે. શિવાલયમાં પ્રવેશતા વિશાળ રંગમંડપમાં પહોંચાય છે. ભવ્ય ઘુમટ નીચેનું આ સ્થાન શાંત અને સૌમ્ય લાગે છે. ગોલખની સામે ગર્ભગૃહમાં સોમનાથ દાદાનું સ્વયંભૂ શિવલીંગ તેના અસલ સ્થાને આજે પણ બિરાજમાન છે. ગર્ભગૃહના પ્રવેશદ્વાર શુધ્ધ ચાંદીના કલાકારીયુકત પતરાથી મઢવામાં આવ્યાંછે. બહારના બે સુંદર ગોખમાં ગણેશજીઅને હનુમાનજી બિરાજમાન છે. શિવાલયનું પટાંગણ પણ વિશાળ અને ભર્યુંભર્યું છે. મંદિરના ઉત્તુંગશિખર ઉપર પાંચ ફૂટ વ્યાસનો તામ્રકળશ શુધ્ધ સુવર્ણના ઢોળ ચડાવી પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે અને તેની નીચે પ્રાંગણમાં અનેક વિશિષ્ટ રચનાઓ મંદિરને શોભાયમાન કરીરહી છે. ઈશાન ખૂણામાં હનુમાનજીનું નવું મંદિર છે. ભારતીય વૈદિક સંસ્કૃતિ યજ્ઞસંસ્કૃતિ તરીકે સુપ્રસિધ્ધ છે.અહિં કલામય છત્ર ધરાવતી યજ્ઞશાળા છે. શિવજીને પ્રિય એવા શિવ-પાર્વતી તરીકે અળખાતાં વૃક્ષો, બિલીવૃક્ષ અને રૂદ્રાક્ષના વૃક્ષો ધરાવતો એક ઔષધ બાગ પણ અહીં ઉછેરવામાં આવ્યો છે. જેમાં આયુર્વેદિક ઔષધ તરીકે ઉપયોગમાં આવે તેવી વનસ્પતિઓ તથા કૃષ્ણને

પ્રિય એવું કદંમ્બનું વૃક્ષ પણ છે. આ ઉપરાંત મંદિરની ઉત્તરે ખૂલ્લી જગામાં નાનકડો બાગ રચવામાં આવ્યો છે. જે શાંત અને સુંદર વિશ્રામ સ્થાનની ગરજ સારેછે. આ સાથે બાળક્રિડાંગણ પણ બનાવવામાં આવ્યું છે. મંદિરને ઈશાન ખૂણે નિર્માણ પામેલા ભવનમાં કાર્યાલય ઉપરાંત નાનુભાઈ પટેલ ગ્રંથાલય આવેલું છે. જેમાં ધર્મચિંતન અને સત્વવૃધ્ધિ કરે તેવું સાહિત્ય પિરસતા પુસ્તકો તથા સામાયિકો મુલાકાતી-દર્શનાર્થીઓ માટે ઉપલબ્ધ છે. સોળ સોમવારના વ્રતધારી તથા ગૌરીવ્રતધારી ભાવિકો માટે શિવપ્રસાદનાઉત્તરભાગે પીપળાના વૃક્ષની છાયામાંએક સુંદર અને નાનકડું આરસજડિતશિવાલય સર્વેશ્વર મહાદેવતરીકે પ્રસ્થાપિત કરવામાં આવ્યુ છે. આ શિવાલયનો ઈતિહાસતો કાળના ગર્ભમાં લુપ્ત થઈ ગયો છે. અહીં વર્તમાન મંદિરની પૂર્વે જે મંદિર હતું તેનું સ્થાપત્ય સોલંકી યુગ (૧૧-૧૨મી સદી)નું મનાય છે. ૧૬૧૮ના ઐતિહાસિક પૂરાવાઓમાં પણ કાવેરી તટે આ મંદિર હોવાના એંધાણ મળે છે. તેનો બે વાર જિર્ણોધ્ધાર થયોછે. છેલ્લે૧૯૭૮ માં વર્તમાન સમયનું ભવ્ય શિવાલય સાકાર થયું. તેની આધુનિક બાંધણી, ભવ્યતા, સ્થાપત્યકલા અને વિશેષ તો વિશાળ સંખ્યાના ભકતજનોની શ્રધ્ધાએ આજે તેને દક્ષિણ ગુજરાતના એક યાત્રાધામનો દરજજો આપ્યો છે.

૨૧ મી સદીમાં ભારત વિશ્વ માટે શિક્ષણ ક્ષેત્રે પથદર્શક બની રહ્યું છેઃ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ગુજરાતને વૈશ્વિક ડેસ્ટિનેશન બનાવવા એસોચેમ દ્વારા પરિષદ યોજાઈ

કમલમ્ ન્યુઝ,

આજે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ગુજરાતને વૈશ્વિક ડેસ્ટિનેશન બનાવવા એસોચેમદ્વારા ગુજરાતનેશનલ લોયુનવર્સિટી અને ગણપત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમેપરિષદ યોજાઈ હતી. આપરિષદમાં ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું કે ૨૧ મી સદીમાંભારત વિશ્વ માટે શિક્ષણ ક્ષેત્રે પથદર્શક બની રહ્યું છે. ગુલામીના ઈતિહાસને કારણે ભારતીયોને જે શીખવાનું બાકીહતું તે આજનાસમયમાં શીખીરહ્યા છે. ભારતનીમોટી મોટીયુનિવર્સિટીઓમાંશાસ્ત્રોનું જ્ઞાન આપાયું છે. પ્રવર્તમાન ટેકનોલોજીના યુગમાંભારતીયોએ શાસ્ત્રોનીસાથેસાથે તકનીકીજ્ઞાન પણ મેળવવુંઆવશ્યક છે. મંત્રીશ્રી પટેલે ઉમેર્યું કે, રાજ્ય સરકારદ્વારા શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ થકી ગુણવત્તાયુક્ત શિક્ષણમળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. નવી શૈક્ષણિક નીતિથી દેશમાં શૈક્ષણિક ક્ષેત્રે ક્રાંતિઆવશે. ગુજરાતને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે વૈશ્વિકસ્તરે લોકોની પસંદબનાવવા શુંશું જરૂરીછે તેસંદર્ભેની ચર્ચામાટે આપરિષદ મહત્વની રહેશે. મંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, દેશના અમૃતકાળમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાનેતૃત્વમાં ભારત તમામ ક્ષેત્રેસર્વાંગી વિકાસ સાધીને સૌથી સક્ષમ દેશ બનશે. ભૂતકાળમાં ભારત વિશ્વની નવીન ટેકનોલોજી આયાત કરતુંહતું પરંતુઆવનારા દિવસોમાં વિશ્વભારતની ટેકનોલોજી ખરીદશે. આજે ભારત સ્વદેશી ટેકનોલોજીથી જ મંગળ અને ચંદ્ર પર પહોંચ્યું છે. એસોચેમ(ધએસોસિએટેડચેમ્બર્સઓફ કોમર્સએન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડીયા)ના ચેરમેન શ્રી કુંવર શેખર વિજેન્દ્રએ સ્વાગત પ્રવચન આપતાકહ્યું કે, ગુજરાતમાં અસંખ્ય તકનીકી સંસ્થાઓઅને એન્જિનિયરિંગ કોલેજો કાર્યરત છે જેમાં એન્જિનિયરિંગ, ટેકનોલોજી અને એપ્લાઈડ સાયન્સના અભ્યાસક્રમોચલાવવામાં આવેછે. તબીબી શિક્ષણ સંસ્થાઓ, કૃષિ અને પશુચિકિત્સા યુનિવર્સિટીઓ થકી રાજ્ય શૈક્ષણિક ક્ષેત્રે અનેરુ યોગદાન આપી રહ્યુંછે. ગુજરાત વિવિધ ક્ષેત્રોમાંસંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપી રહ્યુંછે. રાજ્યસરકારે નવીનતાઅને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટીઓઅને ઉદ્યોગો વચ્ચે સમજૂતી પણ કરી છે.તેમણે ઉમર્યું કે, આજે ગુજરાતમાંઓનલાઈન એજ્યુકેશન અને ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મે વેગ પકડ્યોછે. રાજ્યમાં આર્થિકરીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને ટેકો આપવાઅને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સરકારે વિવિધશિષ્યવૃત્તિઓ અને નાણાકીય સહાયતાકાર્યક્રમો અમલી છે. આ પરિષદ વિશ્વભરના અનુભવ અને ધોરણોની સમકક્ષ શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે ગુજરાતની પ્રગતિને આગળ ધપાવશે.આ પરિષદમાં ત્રણ તકનિકીબેઠક યોજાઈ હતી. જેમાંગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ગુજરાતને વૈશ્વિક ડેસ્ટિનેશન બનાવવા સંદર્ભેખાસ ચર્ચા કરાઈ હતી. જેમાં ગણપત યુનિવર્સિટીના ઉપકુલાધિપતિ શ્રી ડૉ. મહેન્દ્ર શર્મા, એસોચેમ ગુજરાત કાઉન્સિલના અધ્યક્ષ શ્રી ચિંતન ઠાકર, ગુજરાતનેશનલ લો યુનિવર્સિટીના નિયામક શ્રી ડૉ. એસ.શાંતાકુમાર, ચિતકારા યુનિવર્સિટીના ઉપકુલાધિપતિ શ્રી ડૉ. મધુ ચિતકારાએ સંશોધનાત્મક વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં દેશ -વિદેશના શૈક્ષણિકક્ષેત્રના તજજ્ઞો, વિવિધયુનિવર્સિટીના અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

ધરમપુરના ધી લેડી વિલ્સન મ્યુઝિયમમાં રાજવી પરિવારની નવી ગેલેરી જાહેર જનતા માટે ખુલ્લી મૂકાઈ

કમલમ્ ન્યુઝ,વલસાડ

સરકારશ્રીનાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર હસ્તક નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં તાબા હેઠળ આવેલા વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ધી લેડી વિલ્સન મ્યુઝિયમમાં હવે રાજવી પરિવારની નવી ગેલેરી જાહેર જનતામાટે ખુલ્લીમૂકવામાં આવી છે. મ્યુઝિયમનાં ક્યુરેટર ડૉ. ઈન્દ્રા જે. વત્સ દ્વારા ધ્વજવંદન કરી ૭૭મા સ્વાતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ આમ્યુઝિયમમાંરાજવી પરિવારની નવી ગેલેરી ખુલ્લી મૂકવામાં આવી હતી. આ મ્યુઝિયમમાં શરૂકરવામાં આવેલી રાજવી પરિવારની નવી ગેલેરીમાં સોના, ચાંદીનાંતારમાંથી બનાવેલી સાડી, કાનમાં પહેરવાની બુટ્ટી, રાજાનોખેસ, શતરંજ તેમજ અન્ય રાજવી પરિવાર દ્વારા જેતે સમયમાં ઉપયોગમાં લેવાતી ચીજ-વસ્તુઓ આ ગેલેરીમાં પ્રદર્શિત કરવામાં આવી છે. આ અંગે મ્યુઝિયમનાં ક્યુરેટર ડૉ. ઈન્દ્રા જે. વત્સે જણાવ્યું કે, રાજવી પરિવારની આ દુર્લભ અને કિંમતીચીજવસ્તુઓ અત્યાર સુધી મ્યુઝિયમ પાસે જ સંગ્રહિત હતી. ધરમપુરની પ્રજા આજે પણ પોતાના રાજા સાથે લાગણીના ભાવથી જોડાયેલી છે. જેથી જાહેર જનતા રાજવી પરિવાર સાથે જોડાયેલી વસ્તુઓ નિહાળી શકે અને પોતાના ભવ્ય વારસા પ્રત્યે ગૌરવઅનુભવેએવાશુભ આશય સાથેરાજવી પરિવારનીનવી ગેલેરી કાયમી ધોરણે ખુલ્લી મુકવામાં આવીછે. દર બુધવારે અને રજાના દિવસોમાંઆ મ્યુઝિયમ બંધ રહેશે ત્યારબાદ બાકીનાદિવસોમાં સવારે ૧૦-૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધી મુલાકાત લઈ શકાશે. રાજવી પરિવારની નવી ગેલેરીના લોકાર્પણ કાર્યક્રમમાં ધરમપુર ખાતેના રાજવી પરિવારના સભ્યો, જિલ્લા વિજ્ઞાન કેન્દ્રનાં એજયુકેશન ઓફિસર પ્રજ્ઞેશ રાઠોડ, નિવૃત કર્મચારીઓ, ધરમપુરનાં નગરજનો અને મ્યુઝિયમનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

નવસારીના રામજી મંદિર ખાતે મેગા બ્લડડોનેશન કેમ્પ

જિલ્લા કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો

કમલમ્ ન્યુઝ,નવસારી

નવસારી જિલ્લા વહિવટીતંત્ર પ્રેરિત આર્ટ ઓફ લિવીંગ પરિવાર દ્વારા આયોજીત મેગા બ્લડ ડોનેશન કેમ્પ આજરોજ શ્રી રામજીમંદિર, દુધિયા તળાવ ખાતે જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે રાષ્ટ્રીય લઘુમતી આયોગના ઉપાધ્યક્ષ શ્રી કેરસી દેબુ પણ ખાસઉપસ્થિત રહ્યાંહતાં. આપ્રસંગેજિલ્લા કલેકટર શ્રીઅમિત પ્રકાશયાદવે જણાવ્યુંહતું કે,. રકતદાનકરવુ બીજા લોકો માટે પણ અનેક રીતે ફાયદાકારક છે તેમજ રકતદાતાના સ્વાસ્થ્ય માટે પણઅનેક રીતેફાયદાકારક છે. આ બ્લડડોનેશન કેમ્પમાંવધુને વધુ લોકો આવી રકતદાન કરે તેમ જણાવી, મિત્ર વર્તુળ, સગાસબંધીઓને કેમ્પ વિશે જાણકારી આપી બ્લડડોનેશન કરવા અનુરોધ કર્યો હતો. આ અવસરે કલેકટરશ્રીએ નવારકતદાતાઓને અવકાર્યાહતાંઅને કાયમી રકતદાન કરનાર દાતાઓને બિરદાવ્યાહતાં. આ બ્લડડોનેશન કેમ્પમાં કલેકટરશ્રી, પ્રાંત અધિકારીશ્રી આર.આર.બોરડ, ચીફ ઓફિસર શ્રી જે.યુ.વસાવા, પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ભગીરથસિંહ પરમારે પણ રકતદાન કર્યુ હતું.

મહેસાણા જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને સંકલન સમિતિની બેઠક યોજાઇ

કમલમ્ ન્યુઝ,મહેસાણા

મહેસાણા જિલ્લા કલેકટર એમ નાગરાજનના અધ્યક્ષ સ્થાને સંકલન સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા સંકલન અને ફરિયાદસમિતીની અધિકારીઓમાટે બેઠક યોજાઈ હતી, જેમાં નાગરિક અધિકારપત્રહેઠળની બાકીઅરજી, બાકીપેન્શન કેસોના નિકાલ, બાકી. એ.જી. પેરાની પૂર્તતા, ત્રણ માસ ઉપરના પડતર કાગળો સરકારી બાકી વસુલાત તથા ખાતાકીય તપાસ બાબતે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત સ્વાગત કાર્યક્રમના પ્રશ્નો, ડેશ બોર્ડની કામગીરી સહિત કચેરીના સંકલનનાપ્રશ્નોની વિગતેસમીક્ષા કરવામાંઆવી હતી.બેઠકમા જિલ્લા વિકાસ અધિકારી ડો ઓમપ્રકાશ, જિલ્લા પોલીસઅધિક્ષક અચલ ત્યાગી, નિવાસી અધિક કલેકટર ઈન્દ્રજીતસિંહ વાળા સહિત જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જાણીતા સાહિત્યકાર ડો. ચંદ્રકાંત શેઠને 'હેમરાજ શાહ : અખંડ આનંદ ૨૦૨૩' પુરસ્કાર એનાયત કરાયો

'વર્ષો સુધી 'અખંડ આનંદ'માં પ્રકાશિત થતી કોલમ 'ધરતીના ધરૂ, આકાશના ચરુ' દ્વારા અનેક વાચકોને અભિભૂત કરનાર જાણીતા સાહિત્યકાર ડો. ચંદ્રકાંત શેઠ પોંખાયા

કમલમ્ ન્યુઝ,

શ્રીભિક્ષુ અખંડઆનંદ ટ્રસ્ટ સંચાલિત 'અખંડ આનંદ' માસિકમાં સાતત્યપૂર્ણ અને નોંધપાત્ર પ્રદાન કરનાર સાહિત્યકારનું સન્માન કરવા માટે 'કચ્છશક્તિ'ના પ્રમુખ અને વિશ્વ ગુજરાતી સમાજના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી હેમરાજભાઈ શાહે જાહેર કરેલઈનામ આવર્ષેજાણીતા કવિ, સાહિત્યકાર અને વર્ષો સુધી 'ધરતીના ધરૂ, આકાશના ચરુ' કોલમ દ્વારા અનેક વાચકોને અભિભૂત કરનાર ડૉ. ચંદ્રકાંત શેઠને 'શ્રી હેમરાજ શાહ : અખંડ આનંદ પુરસ્કાર૨૦૨૩' એનાયત કરવામાં આવ્યો. ગુજરાતના જાણીતા કવિ, વિવેચક નિબંધકાર, સાહિત્યકાર ડૉ. ચંદ્રકાંતશેઠને આજે ગુજરાત વિશ્વકોશ ખાતે પ્રસિદ્ધ સાહિત્યકાર, વિશ્વકોષનાવડા અને પદ્મશ્રીથીસન્માનિત ડૉ. કુમારપાળ દેસાઈના હસ્તે શ્રી 'હેમરાજ શાહ :અખંડ આનંદ એવોર્ડ ૨૦૨૩'થી નવાજવામાં આવ્યા હતા. ભિક્ષુ અખંડાનંદ જીએ ૧૯૪૭માં શરૂ કરેલ પ્રતિષ્ઠિત માસિકપત્રમાં લાંબા સમયસુધી સાતત્યપૂર્ણરીતે પોતાની ચિંતનાત્મક કટાર દ્વારા વાચકોને સંસ્કારવાંચન પીરસનાર સર્જકને સન્માનવા માટે 'કચ્છશક્તિ'ના પ્રમુખ અને વિશ્વ ગુજરાતી સમાજના ઉપપ્રમુખ શ્રી હેમરાજભાઈ શાહે 'અખંડ આનંદ'ને આપેલ રકમમાંથી વર્ષ ૨૦૨૩ માટેડૉ. ચંદ્રકાંતશેઠને શ્રી 'હેમરાજ શાહ : અખંડઆનંદ એવોર્ડ' આપવામાં આવ્યો હતો. સાથેસન્માનપત્ર આપીને તથા સાલ ઓઢાડીને ડૉ. ચંદ્રકાંત શેઠનું બહુમાન કરાયું હતું. આ પ્રસંગે 'અખંડ આનંદ'ના મેનેજિંગ તંત્રી શ્રી હર્ષદભાઈ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ શ્રી પ્રવીણભાઈ લહેરીએ એવોર્ડની ભૂમિકા આપી હતી તથા 'અખંડઆનંદ'ની સાહિત્ય-યાત્રાની વાત કરી હતી. અધ્યક્ષીય પ્રવચનમાં ડૉ. કુમારપાળ દેસાઈએ ડૉ. ચંદ્રકાંત શેઠને આએવોર્ડ પ્રાપ્ત કરવા બદલ અભિનંદન આપ્યા હતા અને સાહિત્યનાં વિવિધસ્વરૂપોમાંતેમણે કરેલાસફળખેડાણને અને સાહિત્ય સર્જનયાત્રાને બિરદાવી હતી. ડૉ. ચંદ્રકાંતશેઠને 'શ્રી હેમરાજ શાહ : અખંડઆનંદ એવોર્ડ' આપવાબદલ સમગ્ર ટ્રસ્ટીગણની સરાહના કરી હતી.

પોતાના પ્રતિભાવમાં ડૉ. ચંદ્રકાંત શેઠેઆ એવોર્ડમાટે પોતાની યોગ્યગણવાબદલ 'અખંડઆનંદ' પરિવારનો તથા શ્રી હેમરાજભાઈ શાહનો આભાર માન્યો હતો. 'અખંડ આનંદ'માં વર્ષો સુધી પોતાની કોલમનેસ્થાન મળ્યું અને તેના દ્વારા બહોળાવાચક વર્ગ સુધી પહોંચવાની તક પ્રાપ્ત થઈ તે વિશે ખુશી વ્યક્ત કરી હતી. 'અખંડ આનંદ'ના સંપાદક શ્રી પ્રકાશ લાલાએ ડૉ ચંદ્રકાંતશેઠને અપાયેલ સન્માનપત્રનું વાંચન કર્યું હતું.

મુંદરા તાલુકાના વાંકી ગામે 'સંતૃપ્તિ પહેલ' અન્વયે રાત્રીસભા યોજાઈ

જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાએ રાત્રીસભામાં ગ્રામજનોના પ્રશ્નોને સાંભળ્યા

કમલમ્ ન્યુઝ,ભુજ,

કચ્છ જિલ્લાના મુંદરા તાલુકાના વાંકી ગામે તાજેતરમાં જિલ્લા કલેકટરશ્રી અમિત અરોરાના અધ્યક્ષસ્થાને રાત્રીસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કચ્છ જિલ્લાના વિવિધવિભાગના અધિકારીશ્રીઓ તથા વિવિધ પદાધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ અગાઉના છેલ્લા૧૦(દસ) દિવસ દરમિયાન સંબંધિત લાઈન ડીપાર્ટમેન્ટનાઅધિકારીશ્રીઓદ્વારા તેઓના વિભાગ હેઠળ આવતી સરકારશ્રીની વિવિધ વ્યકિતગત યોજનાઓનો લાભ આપવાનો બાકી હોય તેવા લાભાર્થીઓના ફોર્મ/અરજીઓ મેળવી તેઓને લાભો/સહાયઆપવાની કામગીરી કરવામાં આવી હતી. સંબંધિત વિભાગોની કચેરીઓદ્વારા ગામમાં જે પણ કાંઈ મિલ્કત આવેલી હોય જેવી કે ગામ તળાવ, ચેકડેમ, કેનાલ, સ્ટ્રીટ લાઈટ, અન્ય બાંધકામો વગેરેની સાફ સફાઈ તથા જરૂરી મેન્?ટેનન્?સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વધુમાં આકાર્યક્રમ દરમિયાન સંબંધિત લાઈન ડીપાર્ટમેન્?ટના અધિકારીશ્રીદ્વારાસરકારીકચેરીની ઓડીટ અંતર્ગતતપાસણી, સંબંધિત કામોની ગુણવત્તાનીચકાસણી જેવા કામો હાથ ધરવામાં આવ્યા હતા. સંતૃપ્તિ પહેલ અન્વયે રાત્રી સભાના આયોજન પૂર્વે જ ગામજનોના પ્રશ્નોનું નિવારણ આવે તે દિશામાં કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ કામગીરી કરવામાં આવી હતી. રાત્રીસભા કાર્યક્રમ અંતર્ગત ગ્રામજનોએ ગામના આરોગ્ય કેન્દ્ર ખાતે ડોક્ટરની હાજરી, નર્મદા પાણી સિંચાઈ માટે મળવા, ઓવરલોડ, રખડતા ઢોર તથા સાંથણીની જમીન બાબતેના પ્રશ્નો રજૂ કર્યાહતા. જેપ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ કરવાના ઉમદા હેતુથી કલેક્ટરશ્રી દ્વારા સ્થળઉપર હાજર રહેલા અમલીકરણ અધિકારીશ્રીઓનેજરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. પ્રશ્નનાનિરાકરણ લાવવાનો યથાર્થ પ્રયત્ન વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સફળતાપૂર્વક ગ્રામજનોની વચ્ચે રહી છેવાડાના માનવીનેસરકારશ્રીનીયોજનાઓનો ઘરેબેઠા લાભપ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુને ફળીભૂત કરવા અર્થે જિલ્લા કલેક્ટરશ્રીની પ્રેરણાથી કામગીરી કરવામાં આવીરહી છે. આ ઉપરાંત રાત્રી સભાના કાર્યક્રમ પૂર્વે જ સરકારશ્રીની મહત્વની યોજનાઓ અંતર્ગત મામલતદારકચેરી સમાજ સુરક્ષા અંતર્ગતની યોજનામાં કુલ ૦૯, પુરવઠાવિભાગની યોજનાઓ જેવી કે માં અન્નપૂર્ણા સહિતની વિવિધ યોજના અંતર્ગત કુલ ૧૭ તેમજ પોષણ અભિયાન અંતર્ગત કુલ ૦૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યોહતો. આરોગ્યને લગતીયોજનાઓઓજેવી કે PM JAY કાર્ડનાં કુલ ૭૩ તથા આભાકાર્ડ અંતર્ગત ૬૪૯ સહિત વિવિધયોજના અંતર્ગતકુલ ૭૫૨ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. ખેતીવાડીને લગતી યોજનાઓજેવી કેપંપસેટ, ટ્રેક્ટર જેવી વિવિધ યોજનાઓ અંતર્ગત કુલ ૨૧ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. એસ.ટી.વિભાગ તરફથી વિવિધ યોજનાઓ અંતર્ગત કુલ ૨૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. જિલ્લા સમાજ કલ્યાણ(વિકસતી જાતિ) માટેની વિવિધ યોજનાઓ અંતર્ગત કુલ ૨૨૯ લાભાર્થીઓને,પ્રાથમિક શિક્ષણ વિભાગનીયોજનાઓજેવી કે, શિષ્યવૃતિ,વિદ્યાલક્ષી અંતર્ગત લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજરશ્રીની યોજનાઓ અંતર્ગત કુલ ૧૮૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. ICDS ની વિવિધ યોજનાઓ અંતર્ગત કુલ ૧૬૨ લાભાર્થીઓને તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગતની યોજનાઓનો કુલ ૬૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ "સંતૃપ્તીઅભિયાન" અંતર્ગત ગ્રામજનોને તેમના દ્વાર સુધી પહોંચીસમગ્ર જિલ્લાવહીવટી તંત્ર દ્વારા ગામની મુલાકાત લઈ WHOLISTIC AP-PROACH સાથે ૪(ચાર) મુખ્ય સ્તંભમાં કામગીરી કરવામાં આવે છે. જેમાં વ્યક્તિગત લાભો, જાહેર મિલકતની જાળવણી, સામાજિક ઓડિટ અને વિવિધ પ્રશ્નોનું નિરાકરણનો સમાવેશ થાય છે.

વલસાડ તાલુકા કક્ષાનો મારી માટી, મારો દેશ કાર્યક્રમ વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને પોલીસ હેડ ક્વાટર્સમાં યોજાયો

મંત્રીશ્રીએ વૃક્ષારોપણ કરી શહીદોની સ્મૃતિ રૂપે શિલાફલકમને વંદન કરી ધ્વજવંદન પણ કર્યુ

વિદ્યાર્થીઓએ રાસ, ગરબા, દેશ ભક્તિ ગીત અને નૃત્ય સહિતની કુલ ૬ કૃતિઓ રજૂ કરી

આયુષ્યમાન કાર્ડથી રૂ. ૧૦ લાખ સુધીની સારવાર શક્ય બનતા હવે કોઈ પાસે હાથ લંબાવવાની જરૂર નહીં પડે

વલસાડ જિલ્લામાં ૬૫ થી ૭૦ ટકા લોકોને આયુષ્યમાન કાર્ડ મળી ચૂક્યા છે, બાકીના તમામ લોકોને પણ આવરી લેવાશે

કમલમ્ ન્યુઝ,વલસાડ

''દેશની આઝાદી બાદ તમામ રજવાડાઓને એક કરી અખંડ ભારતબનાવનાર લોહપુરુષ સરદાર વલ્લભભાઈની વિશ્વની સૌથી ઉંચી અને વિરાટ પ્રતિમા બનાવવા માટે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે રીતે દેશભરના ખેડૂતો પાસેથી ઓજાર પ્રતિક રૂપે એકત્રકર્યા અને તેમાંથી સરદારનીપ્રતિમા બનાવીતેમ હવે દેશભરના ગામોમાંથી માટી એકત્ર કરી દિલ્હીમાં કર્તવ્ય પથ પર રાષ્ટ્રીય યુધ્ધ સ્મારકની નજીક શહીદોની સ્મૃતિમાં અમૃત વાટિકા બનાવવામાં આવશે. જેમાં વલસાડની માટીની પણ સુગંધ આવશે,'' એવુ રાજ્યનાવન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના રાજ્યકક્ષાના મંત્રીશ્રી અને વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોગરાવાડી પોલીસ હેડ કવાટર્સ ખાતે મેરી માટી,મેરા દેશઅભિયાન અંતર્ગત યોજાયેલા તાલુકા કક્ષાના કાર્યક્રમમાંજણાવ્યુંહતું.મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, દેશ માટે બલિદાન આપનારા વીરોને સમર્પિત મારી માટી, મારો દેશ અને માટીને નમન, વીરોને વંદન કાર્યક્રમ ગામે ગામ યોજાયો છે. જેની શરૂઆત મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે તાપી જિલ્લાથી તા.૯ ઓગસ્ટે કરી હતી. આ કાર્યક્રમમાં ગામેગામ દેશભક્તિનો માહોલ જોવા મળ્યો. જેના થકી બાળકોમાં પણ દેશ ભક્તિની ભાવના વિકસી છે. દેશભરના ગામની માટી દિલ્હી કર્તવ્યપથ પર જશે અને ત્યાં 'અમૃત વાટિકા' બનાવવામાં આવશે. આ 'અમૃત વટિકા' 'એક ભારતશ્રેષ્ઠ ભારત'નું ભવ્ય પ્રતિક બનશે. વડાપ્રધાનશ્રી નાસ્વચ્છતા અભિયાનને યાદ કરી મંત્રીશ્રીએ કહ્યું કે, પહેલા ગામના રસ્તાની બાજુમાં લોકો જાહેરમાં શૌચ કરતા હતા પરંતુ પ્રધાનમંત્રીશ્રીએ સ્વચ્છતા મિશન ઉપાડતા દેશભરમાંઆંદોલન બની ગયુ અને ગામડાઓ ૧૦૦ ટકા ઓડીએફ જાહેર થયાછે. સરકારી કચેરીઓમાંવચેટીયાઓની નાબૂદી અંગે મંત્રીશ્રીએ કહ્યું કે, પહેલાના સમયમાં વિધવા સહાય કે આવાસ યોજનાની સહાય લેવા માટે અરજદાર કચેરીમાં જતો વચેટીયાઓ તેઓ પાસે રૂપિયા કઢાવી લેતા હતા પરંતુ મોદીજીએ જન ધન ખાતા ખોલાવતા હવે લાભાર્થીઓના સહાયના નાણાં સીધા બેંક એકાઉન્ટમાં જમા થઈ રહ્યાછે. આયુષ્યમાન કાર્ડના લાભ વિશે મંત્રીશ્રીએ કહ્યું કે, નરેન્દ્રભાઈ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારેમા કાર્ડયોજના શરૂ કરી અને પ્રધાનમંત્રી બન્યા બાદ આયુષ્યમાન કાર્ડયોજના હેઠળ રૂ. ૫ લાખ સુધીનીઆરોગ્યલક્ષી સેવા નિઃશૂલ્ક મળતી થઈ અને હવે આ કાર્ડ હેઠળ રૂ. ૧૦ લાખ સુધીની સહાય મળતી થઈ છે જેથી હવે કોઈ પાસે હાથ લંબાવવાની જરૂર નહીં પડે. પહેલા તો સારવાર માટે ઘરેણા તેમજ જમીન ગિરવે મુકી સારવાર કરાવવી પડતી હતી. આ કાર્યક્રમ અંતર્ગત મંત્રીશ્રીના હસ્તે વૃક્ષારોપણ અને ત્યારબાદ શિલા ફલકમ પર શહીદોને શ્રધ્ધાંજલિ આપી પુષ્પોઅર્પણ કરીવંદન કર્યા હતા. મંત્રીશ્રીએ ધ્વજ વંદન કર્યા બાદ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે હાથમાં માટી-દિવો લઈ સામૂહિક પંચપ્રણ પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે કલા નૃત્ય મંડળ, પોલીસ હેડ કવાટર્સ પ્રાથમિક શાળા, બાલાજી નવયુવક મંડળ, સરીબુજરંગ, અમલસાડ, નુપુર નર્તન કલા કેન્દ્ર, વલસાડઅને હિન્દી માધ્યમ શાળા મોગરાવાડીના વિદ્યાર્થીઓ તેમજ કલાકારોદ્વારા રાસ, ગરબા, નૃત્ય સાથે દેશભક્તિના માહોલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો હતો. આ પ્રસંગે વલસાડ-ડાંગના સંસદસભ્ય ડૉ. કે.સી.પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કમલેશસિંહ ઠાકોર, જિલ્લા સંગઠનના પ્રમુખ હેમંત કંસારા, મહામંત્રી કમલેશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી મનિષ ગુરવાની, જિલ્લા પોલીસ વડા ડૉ.કરણરાજ વાઘેલા, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો તેમજ વિવિધ સમિતિના ચેરમેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્વાગત પ્રવચન નાયબ જિલ્લા વિકાસ અધિકારી અંકિત ગોહિલે કર્યુ હતું. જયારે આભારવિધિ વલસાડ તાલુકા વિકાસઅધિકારી રાહુલ પટેલે કરી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.ખુશાલી ભંડારીએ કર્યુ હતું.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028